AN EASY

COMPLETE GUIDE

to

New Indian

Class Readers

(By : Wren)

Book II

...... CONTAINING ......

All important words and phrases with pronounciations, full translations & complete composition of all the lessons.

PUBLISHED BY :—

Shri Harihar Pustakalaya

939] Tower Road–SURAT.

Price 12 Annas

[illegible]

[illegible] ২৭৫৫৭ [illegible]

[illegible] [illegible]

তারিখ ১/২৭ [illegible]

New Indian Class Readers

SECOND BOOK

Lesson 1 પાઠ પહેલો

The Arab and his camel આરબ અને તેનું ઉંટ

Cold (કોડ) ઠંડી
Night (નાઇટ) રાત
Inside (ઇનસાઇડ) અંદરની બાજુએ
Tent (ટેન્ટ) તંબુ
Master (માસ્ટર) માલીક
Put (પુટ) મુકવું
Head (હેડ) માથું
Just (જસ્ટ) જરાક, સહેજ
Do (ડુ) Put મુકવું
Warm (વોર્મ) ગરમ
Neck (નેક) ગરદન
Let (લેટ) દેવું, રજા (છૂટ) આપવી.
Room (રૂમ) જગા
Bring (બ્રીન્ગ) લાવવું [પગ
Fore- legs (ફોર લેગ્ઝ) આગલા
Very well (વેરી વેલ) બહુ સારૂં
Must (મસ્ટ) જોઇએ
Move (મુવ) ખસવું
A little (એ લીટ્લ) જરા, સહેજ

Small (સ્મોલ) નાનો
While (વાઇલ) જયાં સુધી, જે દરમ્યાન.
Stand (સ્ટેન્ડ) ઉભા રહેવું
Like (લાઇક) માફક, પ્રમાણે.
Keep (કીપ) રાખવું
Door (ડોર) બારણું.
Open (ઓપન) ઉઘાડું
Right (રાઇટ) બરાબર, પૂરેપૂરૂં
Shut (શટ) બંધ કરવું
Pity (પીટી) દયા
Such (સચ) આવી
More (મોર) વધારે
Corner (કોરનર) ખુણો
In that case (ઇન ધેટ કેઇસ) એવા સંજોગમાં
Too (ટુ) જોઇએ એથી વધુ
Both (બોથ) બેઉ
Outside (આઉટસાઇડ) બહારની બાજુએ

Bigger (બીગર) વધારે મોટું
Than (ધેન) ના કરતાં
Push (પુશ) હડસેલી કાઢવું
Then (ધેન) તો પછી
After (આફ્ટર) પાછળ
For (ફોર) કેમકે, કારણકે

આરબ—ઠંડી રાત છે. હું મારા તંબુની અંદરની બાજુએ (જઇને) બેસીશ.

ઉંટ — ઓ માલીક, અહિંઆ બહાર અતિશય ઠંડી (ટાઢ પડે) છે. હું મારું માથું જરાક તમારા તંબુની અંદરની બાજુએ મૂકું (રાખું)?

આરબ—હા, (ભલે) તું તેમ કર.

ઉંટ — હવે મારું માથું (તો જાણે) ગરમ (થયું) છે, પણ મારી ગરદન ઠંડી છે. હું મારી ગરદન (પણ) તંબુની અંદરની બાજુએ મૂકું?

આરબ—હા, હું તને તારી ગરદન અંદરની બાજુએ મૂકવા (રાખવા) દઇશ.

ઉંટ — મારી ગરદન અને મારું માથું હવે ગરમ (થયાં) છે. જો આપ મને મારા આગલા પગો અંદરની બાજુએ લાવવા દયો, તો હું બહુ જગા નહિ લઇશ (રોકીશ).

આરબ—બહુ સારૂં, પણ મારે જરાક ખસવું જોઇએ. તંબુ ઘણો નાનો છે.

ઉંટ — જ્યાં સુધી હું આ પ્રમાણે ઉભું રહું છું, (હું આ પ્રમાણે ઉભું રહું એ દરમ્યાન) ત્યાં સુધી હું તંબુનું બારણું (દરવાજો) ઉઘાડું રાખું છું. હું બરાબર (પૂરેપૂરૂં) અંદરની બાજુએ આવું અને બારણું બંધ કરી દઉં?

આરબ—ભલે, (ઠીક) આવી ઠંડી રાત છે, જેથી મને તારી ઉપર દયા આવશે. અંદર આવ અને બારણું બંધ કરી દે.

ઉંટ — જરાક વધારે ખસતા જાવ. હું મોટું છું ને તંબુ નાનો છે.

આરબ—હું તો બરાબર ખુણામાં છું. હું (આથી) વધારે ખસી શકતો નથી. (ખસી શકું એમ નથી.)

ઉંટ – એ સંજોગમાં (જો એમજ છે, તો) આપણે બેઉને માટે તંબુ જોઇએ તે કરતાં વધારે નાનો છે. તમારે બહારની બાજુએ ચાલ્યા જવું જોઇએ.

આરબ–પણ આ તો મારો તંબુ છે.

ઉંટ – એ બાબતમાં હું કંઇ કરી શકતો નથી. (મારાથી કંઈ થઈ શકે એમ નથી–હું લાચાર છું.) અહિંયા ફક્ત એકજ જણને માટેની જગા છે, અને હું તમારા કરતા વધારે મોટું છું.

આરબ–હવે તેં મને તંબુની બરાબર (સંપૂર્ણ) બહાર હડસેલી મૂક્યો છે.

ઉંટ – તો પછી તમારી પાછળ (હવે) બારણું બંધ કરી દયો, કારણ કે રાત ઘણી ઠંડી છે.

Composition.

(1) The camel wanted to put his head inside the tent because it was very cold outside.

(2) He allowed it because he was very kind and his heart was filled with pity for him.

(3) No, that was not all what he wanted.

(4) He wanted to keep his whole body inside the tent.

(5) The Arab gave way to his camel till he had to remain in a little corner of the tent.

(6) He was forced by the camel to go out of the tent; That was the result of his kindness.

(7) It is always good to be kind and generous (ઉદાર), but it is bad to be kind too much. (out of limit હદ બહાર). There is a proverb : Give him an inch snd he will take to an ell. (આંગળી આપતાં પહોંચું પકડે.)



Lesson 2 પાઠ ૨

Ahmed and Abdul અહમદ અને અબ્દુલ

Hallo (હેલો) અરે ઓ! અહો!
Think (થીન્ક) ધારવું
New (ન્યુ) નવી
Bicycle=બાઇસીકલ
Isn't=Is not
Beauty (બ્યુટી) સુંદર વસ્તુ
Where (વેર) ક્યાં
Get (ગેટ) મેળવવું
Gave (ગેઇવ) આપી Give (ગીવ) નો ભૂત કાળ
Kind (કાઇન્ડ) માયાળુ
Rather (રાધર) કૈંક; ખરૂં કહીએ તો
Ask for (આસ્ક ફોર) માગણી કરવી; ને માટે પૂછવું.
One=Bicycle
Should = Should ask પૂછી જોઇએ; પૂછવું જોઇએ.
Ride (રાઇડ) બેસવું.
Yet (યેટ) હજી સુધી
Get along (ગેટ એલોન્ગ) શીખી જવું; આગળ ધપવું
All right (ઓલ રાઇટ) બરાબર
Any (એની) કોઇ
Falls (ફોલ્સ) પછાડ, પટકાવું
Hurt (હર્ટ) ઇજા થવી.
Yourself (યોર સેલ્ફ) તમારી જાતે
Cut (કટ) કાપવું, છોલવું
Knee (ની) ઘુંટણ
Yesterday (યસટરડે) ગઇ કાલે
Badly (બેડલી) ગંભીર (સખ્ત) રીતે
Nothing (નથિંગ) કંઇ નહિ
Give a ride બેસાડવું
Learn (લર્ન) શીખવું
First (ફર્સ્ટ) સહુથી પહેલાં
As (એઝ) જેમ
Did=Learnt (લર્ન્ટ) શીખ્યો
Plan (પ્લેન) રીત, યુક્તિ

અબ્દુલ—અરે ઓઇ અહમદ, તું મારી નવી બાઇસીકલ માટે શું ધારે છે?

અહમદ—શું તે એક ફાંકડી ચીજ નથી! તેં તે ક્યાંથી મેળવી?

અબ્દુલ—મારા બાવાએ મને તે આપી. એ એની (મારા તરફની) માયાળુતા નથી? (ભલમનસાઇનો એક નમુનો નથી?)

અહમદ–જરા ખરીસ્તો? હું પણ એવી એક (બાઇસીકલ)ની મારા બાવાની પાસે માગણી કરીશ.

અબદુલ–હા, તારે માગણી કરવી જોઇએ.

અહમદ–શું તું એની ઉપર બેસી શકે છે?

અબદુલ–અરે, હજુ બહુ સારી રીતે નહિ. હું બરાબર બેસતાં શીખી જઇ શકીશ.

અહમદ–શું તેં કોઇ પછાડ ખાધી છે કે? (પટકાયો છે કે?)

અબદુલ–હા, એકાદ બે. (વાર)

અહમદ–તારી જાતને (શરીરને) ઇજા થઇ? (વાગ્યું?)

અબદુલ–બહુ નહિ. ગઈ કાલે મારી ઘુંટી છોલાઇ ગઈ.

અહમદ–બહુ સખત રીતે? (ખરાબ રીતે-ગંભીરતાથી)

અબદુલ–ના, એવી કંઇ ખાસ કહેવા (ફરીયાદ કરવા) જેવી નહિ.

અહમદ–શું તું મને બેસાડશે? (બેસાડીને ફેરવશે? બેસવા દેશે?)

અબદુલ–જે પ્રમાણે મેં કર્યું, (શીખ્યો) તેમ તું પણ સહુથી પહેલાં એક જુની સાઇકલ ઉપર શીખજે.

અહમદ–હા, નવી સાઈકલ ઉપર શીખવું એ સારી રીત નથી.



Lesson 3 પાઠ ૩

The lamb મેઢું. (ઘેટાનું બચ્ચું)

Who (હુ) કોણે

Made (મેઇડ) બનાવ્યું; સરજ્યું Make નો ભૂત કાળ

Thee (ધી) તને

Dost know (ડસ્ટ નો) જાણે છે?

Thou (ધાઉ) તું

Life (લાઇફ) જીંદગી

Bid (બીડ) ફરમાવવું

Feed (ફીડ) ખવડાવવું

Stream (સ્ટ્રીમ) ઝરો

O'er (ઓવર) Over ઉપર

Mead (મેડ) નદી કિનારેની ઘાસવાળી જગા

Clothing (ક્લોધીંગ) કપડાંલત્તાં	Such (સચ) આવો
Delight (ડીલાઇટ) આનંદ	Tender (ટેન્ડર) નાજુક
Softest (સોફ્ટેસ્ટ) સહુથી નરમ (સુંવાળાં)	Voice (વોઇસ) અવાજ
Woolly (વુલી) ઉનવાળું	Vales (વેઇલ્સ) ખીણો
Bright (બ્રાઇટ) ચકચકીત	Rejoice (રીજોઇસ) આનંદ પમાડવો, ખુશ કરવું

નાનકડાં મેઢાં, તને કોણે બનાવ્યું ? (સરજ્યું–પેદા કર્યું ?) તને કોણે પેદા કર્યું તે તું જાણે છે? તને જીંદગી કોણે આપી ? અને ઝરા (વહેળાં)નાં પાણી પાસેની હરિયાળી જમીન ઉપર તને ખવડાવવા કોણ ફરમાવે છે?

સહુથી સુંવાળામાં સુંવાળું, ઉનવાળું, ચકચકતું ઢાંકણુ–આનંદદાયક ઢાંકણુ તને કોણે આપ્યું ?

તમામ ખીણોને આનંદ (હર્ષ)થી ગજાવતો આવો નાજુક (કોમળ) અવાજ તને (કંઠ) કોણે આપ્યો ?

નાનકડાં મેઢાં, તને કોણે સરજ્યું ?
તને કોણે સરજ્યું તે તું જાણે છે?



Lesson 4 પાઠ ૪ (Part I)

What we want most આપણને જે સૌથી વધારે જોઇએ છે તે !

What (વોટ) જે તે; That which (ધેટ વીચ)	Air (એર) હવા
How long (હાઉ લોન્ગ) કેટલો વખત સુધી	Minutes (મીનીટસ) મીનીટો.
Without (વિધાઉટ) વગર	Want (વોન્ટ) જોઇએ છે.
	Anything else (એનીથીંગ એલ્સ) બીજી કોઇપણ ચીજ.

Pure (પ્યોર) ચોકખી
Fresh (ફ્રેસ) તાજી
Windows (વીન્ડોઝ) બારીઓ
Few (ફ્યુ) થોડા
Except (એકસેપ્ટ) સિવાય
Need (નીડ) જરૂર હોવી
Well (વેલ) કુવો
Boil (બોઇલ) ઉકાળવું
Filter (ફીલ્ટર) ગાળવું
Also (ઓલસો) વળી
Food (ફુડ) ખોરાક
Longer (લોન્ગર) લાંબો વખત
Clean (કલીન) ચોકખો
Slowly (સ્લોલી) ધીમેથી
Chew (ચ્યુ) ચાવવું

Too much (ટુ મચ) જોઇએ તે કરતાં વધારે
Flies (ફ્લાઇઝ) માખીઓ
Settle (સેટલ) બેસવું
Clothes (કલોધ્ઝ) સીવેલાં તૈયાર કપડાં
Cotton (કૉટન) સુતરાઉ
Best (બેસ્ટ) સૌથી સરસ
Hot (હૉટ) ગરમ
Weather (વેધર) મોસમ, રૂતુ
Woolen (વુલન) ગરમ
Sleep (સ્લીપ) સુવું
Which (વીચ) જે
Wear (વેર) પહેરવું
Day-time (ડે ટાઇમ) દિવસે;

હવા વગરની આપણે કેટલો વખત (ક્યાં સુધી) સુધી જીવી શકીએ ? બે કે ત્રણ મીનીટ ! બીજી કોઇપણ ચીજ કરતાં આપણુને હવા વધારે જોઇએ છે, પણ આપણુને ચોકખી હવા જોઇએ છે. જે હવા તાજી નથી હોતી તે આપણે (આપણી તંદુરસ્તી) માટે ઘણીજ ખરાબ હોય છે.

રાત્રે તેમજ દહાડે બારણાંઓ અને બારીઓ ઉઘાડો. (ઉઘાડા રાખો.)

પાણી વગર આપણે કેટલો વખત સુધી જીવી શકીએ ? ઘણા થોડા દિવસ. હવા સિવાય બીજી કોઇપણ ચીજ આપણુને જોઇએ, એના કરતાં આપણુને પાણી વધારે જોઇએ.

આપણે જેની જરૂર (પડે) છે, તે ચોકખું પાણી છે. જે પાણી ચોકખું હોતું નથી તે આપણને નુકસાન કરે છે. જો આપણા કુવામાંનું પાણી ચોકખું નહિ હોય, તો આપણે શું કરી શકીએ ? આપણે તે ઉકાળી શકીએ. વળી આપણે તેને ગાળી પણ શકીએ !

આપણે ખોરાક વિના ક્યાં સુધી જીવી શકીએ ? આપણે પાણી વગર જીવતા રહી શકીએ, તેના કરતા થોડો વખત વધારે. પણ આપણને સારાં ખોરાકની જરૂર હોય છે. તે તાજો ને ચોકખો (સ્વચ્છ) હોવો જોઇએ.

આપણે આપણો ખોરાક ધીમેથી ખાવો જોઇએ. આપણે તેને સારી રીતે ચાવવો જોઈએ. આપણે તે જોઇએ તે કરતા વિશેષ (હદ બ્હાર) ખાવો ન જોઇએ. આપણા ખોરાક ઉપર આપણે માખીઓ બેસવા દેવી ન જોઇએ.

આપણને કપડાંલત્તાની પણ જરૂર હોય છે. આ પણ સ્વચ્છ હોવા જોઇએ. ગરમીની ઋતુમાં (ઉનાળામાં) સુતરાઉ કપડાં સૌથી સરસ છે. ઠંડીની ઋતુમાં (શિયાળામાં) ઉનનાં કપડાં સૌથી સરસ છે.

દિવસે આપણે જે કપડાં પહેરીએ છીએ, તેજ કપડામાં (પહે-રેલાં કપડાંભેર) આપણે સુઇ જવું ન જોઇએ.

Composition.

(1) We always need pure and fresh air.

(2) We always need pure water.

(3) If it is not pure, we must boil and filter it before wo use it.

(4) Our food must be fresh and clean though (થો–જોકે) it is simple (સાદો). We must chew it well, and eat it slowly. We must not let flies settle on our food.

(5) We should always wear clean clothes. It is good to wear cotton clothes in summer and woollen ctothes in winter.

(6) *A* Pure **air** keeps us healthy. ચોકખી હવા આપણને તંદુરસ્ત રાખે છે.

B None can live without **water.** પાણી વિના કોઈ જીવી શકે નહિ.

C Chew your **food** well before you eat. ખાતાં પહેલાં તમે તમારો ખોરાક સારી રીતે ચાવો.

D Always wear simple but clean **clothes.** હંમેશાં સાદાં પરંતુ સ્વચ્છ કપડાં પહેરો.



Lesson 5 પાઠ ૫ (Part II)

What we want most જે આપણને સહુથી વધારે જોઈએ છે તે !

Things (થીન્ગ્સ) ચીજો
Sleep (સ્લીપ) ઉંઘ
Feel (ફીલ) લાગે છે.
Ill (ઇલ) માંદા
Next (નેક્સ્ટ) બીજો
Hours (અવર્સ) કલાક
Every (એવરી) દરેક
Early (અર્લી) વહેલાં
Another (અનધર) બીજી
Exercise (એક્સરસાઇઝ) કસરત
Games (ગેઇમ્સ) રમતો
Strong (સ્ટ્રોન્ગ) બળવાન
Work (વર્ક) કામ
Rhymes (ર્‌હાઇમ્સ) કવિતાઓ
Learn (લર્ન) શીખવું
To bed (ટુ બેડ) સુવું
To rise (ટુ રાઇઝ) ઉઠવું
Healthy (હેલ્ધી) તંદુરસ્ત
Wealthy (વેલ્ધી) પૈસાદાર
Wise (વાઇઝ) ડાહ્યો
Dull (ડલ) ઠોઠ
Great (ગ્રેઇટ) મહાન
Truth (ટ્રુથ) સત્ય

એવી (કેટલીક) બીજી ચીજો પણ છે, કે જે આપણે લેવી જોઇએ. (આપણને જરૂરી છે.) આપણે ઉંઘ વિના કેટલો વખત સુધી જીવી શકીએ ?

ફક્ત બહુ થોડા દિવસ. જો આપણી એક રાત ઉંઘ વિના પસાર થાય, તો આપણને બીજે દિવસે બેચેની લાગે છે.

છોકરાને દરેક રાત્રે નવ અથવા દસ કલાકની ઉંઘની જરૂર રહે છે. વહેલા બિછાને જવું (સુવું) એ સારી વાત છે. જે બીજી વસ્તુની આપણને જરૂર છે, તે કસરત છે. તમામ છોકરાઓએ રમતો રમવી જોઇએ. આ તેમને મજબુત (બળવાન) બનાવે છે.

(ક્રિકેટ) બોલબેટ અને ફુટબોલ સારી રમત છે. આપણે સારી ઉંઘ અને કસરત વિના સારૂં કામ કરી શકતા નથી. અહીંઆ શીખવા યોગ્ય બે સુંદર કવિતાઓ છે.

"વહેલાં સુવું અને વહેલાં ઉઠવું, એ છોકરાને તંદુરસ્ત, પૈસાદાર અને ડાહ્યો બનાવે છે."

અને......

આખો વખત કામ અને રમત (રમવાની) નહિ, એ જેકનો ઠોઠ છોકરો બનાવે છે.

વળી એ પણ એક મહાન સત્ય છે, કે કામ વિના કોઇપણ (માણુસ) તંદુરસ્ત થઇ શકતો નથી.

Composition.

(1) None can live without sleep. A boy needs nine or ten hours sleep every night. It is good to sleep early. We centainly feel ill if we do not sleep regularly. (રેગ્યુલરલી–નિયમિત)

(2) **Exercise makes every one strong and healthy. Exercise builds up a beautiful body. Exercise brings sound sleep.**

(3) **Early to bed and early to rise,**
Makes a boy healthy, wealthy and wise.

(4) All work and no play,
Makes Jack a dull boy.

(5) No one can be healthy without work.

(6) *A* We need **air** more than anything else in the world. (વર્લ્ડ) દુનિયામાં બીજી કોઈ પણ ચીજ કરતાં આપણને હવાની વધારે જરૂર હોય છે.

B None can do without **water.** પાણી વિના કોઇ ચલાવી શકે નહિ.

C It is necessary (નેસેસરી) to take **food** to be able to live and to work. જીવવાને અને કામ કરવાને સમર્થ થવા માટે ખોરાક લેવો જરૂરનો છે.

D We must wear **Clothes** to protect (પ્રોટેક્ટ) our bodies. આપણાં શરીરનાં રક્ષણ માટે આપણે કપડાં પહેરવા જોઇએ.

E It is good to work at day and to **sleep** at night. દિવસે કામ કરવું અને રાત્રે ઉંઘવું એ સારૂં છે.

F If we want to be healthy and live long, we must take exercise regularly. જો આપણે તંદુરસ્ત થવા અને લાંબો વખત સુધી જીવવા માગતા હોઇએ તો આપણે નિયમિત કસરત કરવી જોઇએ.



Lesson 6 પાઠ ૬

A wish ઇચ્છા.

Often (ઓફ્ન) વારંવાર
Wish (વીશ) ઇચ્છવું
Could (કુડ) શકયો Can નો ભૂત કાળ
Kite (કાઇટ) પતંગ
Ride (રાઇડ) સવાર થવું
Breeze (બ્રીઝ) પવનની લહેર
Whatever (વૉટેવર) ગમે તે
Way (વે) રસ્તો
Chanced (ચાન્સ્ડ) તક મળી
Blow (બ્લો) વાવું
Beyond (બીયોન્ડ) પેલે પાર
Town (ટાઉન) શહેર
Winding (વાઇન્ડીંગ) વાંકી વહેતી
Follow (ફોલો) ની પાછળ જવું
Ships (શીપ્સ) વહાણો
Sail (સેઇલ) હંકારવું
Merry (મેરી) આનંદી
Gale (ગેઇલ) પવનની લહેર
At last (ઍટ લાસ્ટ) આખરે
Foreign (ફોરીન) પરદેશી

હું વારંવાર (ઘણીવાર) બેસું છું અને ઇચ્છું છું કે હું ઉંચે આકાશમાં એક પતંગ થઇ શકું. (બનીને ઉડી શકું) પવનની લહેરો ઉપર સવારી કરીને ગમે તે રસ્તે તેને વાવાની (ફુંકાવાની) તક સાંપડે ત્યાં જાઉં. (ઉડું)

પછી હું શહેરની પેલે પાર નિહાળી શકું, અને નદીને નીચે વાંક લેતી જોઉં, અને આખરે તેમની (વહાણોની) સાથે હું કોઇ પરદેશી (વિદેશી) નામ ધારણ કરીને કોઇ જગાએ પાછો આવી રહું નહિ ત્યાં સુધી મારી માફક આનંદી પવનની લહેરોમાં આગળ હંકારાતાં સઘળાં વહાણોની પાછળ પાછળ જાઉં (પતંગની માફક પાણીમાં આગળ વધતાં વહાણોની પાછળ પાછળ હું પતંગ થઇને જાઉં અને આખરે પછી કોઇ વિદેશી નામ ધારણ કરીને કોઇ જગાએ પાછો ફરૂં.)

Lesson 7 પાઠ ૭

The fox and the hen શિયાળ અને મરઘી.

Hungry (હન્ગ્રી) ભૂખ્યો
Saw (સો) દીઠી. See નો ભૂતકાળ
To himself (ટુ હીમસેલ્ફ) મનમાં, પોતાની જાતે (સ્વગત)
Very (વેરી) એજ; Same
Dinner (ડીનર) ભોજન
Like (લાઈક) ગમવું
Hide (હાઇડ) સંતાવું
Behind (બીહાઇન્ડ) પાછળ
Bush (બુશ) ઝાડી
Passes (પાસીઝ) પસાર થાય છે; પસાર થઈને જાય છે.
Spring (સ્પ્રીન્ગ) કૂદવું
Kill (કીલ) મારી નાખવું
Hid (હીડ) સંતાયો Hide (હાઇડ) નો ભૂત કાળ
Heard (હર્ડ) સાંભળ્યો Hear (હીઅર) નો ભૂત કાળ
Noise (નોઇઝ) અવાજ
Cried (ક્રાઇડ) મોટેથી બોલ્યો
Hurriedly (હરીડલી) ઉતાવળથી
Looked (લુક્ડ) નીહાળ્યું
Around (એરાઉન્ડ) આજુબાજુ

Seemed (સીમ્ડ) લાગ્યો; જણાયો
Over (ઓવર) ઉપર
Tom-Tom (ટૉમ ટૉમ) ઢોલક
Hanging (હેન્ગીંગ) લટકતું
Wind (વીન્ડ) પવન
Blew (બ્લ્યુ) ફૂંકાયો Blow (બ્લો) નો ભૂતકાળ
Branches (બ્રાન્ચીઝ) ડાળીઓ
Beat (બીટ) વાગવું, અથડાવું
Certainly (સર્ટનલી) ચોક્કસ
Flesh (ફ્લેશ) માંસ
Bones (બોન્સ) હાડકાં
Skinny (સ્કીની) દુબળું, પાતળું
Allowed (એલાવ્ડ) જવા દીધું
Escape (એસ્કેઇપ) નહાસી જવું
Turned (ટર્ન્ડ) ફેરવ્યું, દોર્યું
Attention (એટેન્શન) ધ્યાન
Towards (ટોઅર્ડસ) તરફ
Getting (ગેટીંગ) મેળવવાને
Took (ટુક) લીધો Take (ટેઇક) નો ભૂત કાળ
Reach (રીચ) પહોંચવું.
Easily (ઇઝીલી) સહેલાઇથી

However (હાઉએવર) તેમ છતાં
Kept on (કેપ્ટ ઓન) ચાલુ રાખ્યું (Keep નો ભૂતકાળ)
Jumping (જમ્પીંગ) કુદવાનું
Ground (ગ્રાઉન્ડ) જમીન
Settled (સેટલ્ડ) નક્કી કર્યું
Tore (ટોર) ચીરી નાખ્યું
Tear (ટેર) નો ભૂતકાળ
Parchment (પાર્ચમેન્ટ) ચામડું
Head (હેડ) મથાળું
Angry (એન્ગ્રી) ગુસ્સે
Disappointed (ડીસએપોઇન્ટેડ) નિરાશ થયો.
Found (ફાઉન્ડ) માલમ પડયું
Find (ફાઇન્ડ) નો ભૂતકાળ
Wretched (રેચેડ) કમનસીબ
Creature (ક્રીચર) પ્રાણી
Missed (મીસ્ડ) ગુમાવ્યું
Dainty (ડેઇન્ટી) સ્વાદિષ્ટ
Meal (મીલ) ખાણું
For nothing (ફોર નથીંગ) નાહક, નકામું, ફોગટ
At all (એટ ઓલ) બિલકુલ
Greedy (ગ્રીડી) લોભી

એક દિવસ એક ભૂખ્યું, શિયાળ કંઇ ખાવાનું શોધતું હતું. એવામાં (જ્યારે) એણે એક સુંદર જાડી મરઘીને દીઠી.

શિયાળ મનમાં બોલી ઉઠ્યું, "આહ! બસ એજ (ભોજન) ખાવાનું મને ભાવે છે. (ગમે છે.) હું આ ઝાડીની પાછળ સંતાઇ જઇશ, અને જ્યારે તે મારી પાસેથી પસાર થાય ત્યારે હું બહાર કુદી પડીશ અને તેને મારી નાખીશ."

તે ઝાડની પાછળ સંતાઇ ગયું, પણ જેવું તે મરઘીની ઉપર કુદવાની અણી ઉપર હતું, તેવો જ તેણે એક મોટો અવાજ સાંભળ્યો.

તે મોટેથી બોલી ઉઠ્યું, "એ વળી શું? અને પોતાની આજુબાજુ ઉતાવળથી જોવા માંડ્યું. અવાજ તેના માથા ઉપરથી આવતો જણાયો, અને ઉંચે નિહાળતાં, તેણે ઝાડ ઉપર એક ઢોલક ટાંગેલું (લટકતું) દીઠું. જેવો પવન ફુંકાયો, તેવીજ ડાળીઓ તે ઢોલક ઉપર વાગી (અથડાઇ) અને તેણે સાંભળ્યો હતો તે અવાજ ઉત્પન્ન થયો.

તે મોટેથી બોલ્યું, "આહ્! જે વસ્તુ આટલો બધો મોટો અવાજ કરી શકે છે, તેનાં હાડકાંઓ ઉપર ચોક્કસ (જરૂર) દુબળી (પાતળી) મરઘી કરતાં વધારે જ માંસ હોવું જોઇએ."

તેણે મરઘીને ન્હાસી જવા દીધી અને તે ઢોલક મેળવવા તરફ તેનું ધ્યાન દોરવ્યું. તેને તે નીચે લાવતાં ખરેખર ઘણો વખત લાગ્યો. કેમકે તે તેને બહુ સહેલાઇથી પહોંચી શક્યું નહિ. તેમ છતાં તેણે ઉંચે કુદકા મારવાનું ચાલુજ રાખ્યું, અને આખરે તે તેને જમીન ઉપર લાવ્યું ત્યાર પછી તે (તેનું) એક સુંદર ખાણું બનાવવાનો નિશ્ચય કરી બેઠું, અને ઉપરનું ચામડું ચીરી નાખી મથાળું ઉઘાડી નાખ્યું.

જ્યારે અંદરની બાજુએ કંઇજ માલમ ન પડ્યું, ત્યારે તે ઘણું ગુસ્સે અને નિરાશ થઇ ગયું. તે બોલ્યું, "હું એક કમનસીબ પ્રાણી છું. મેં નાહક એક સુંદર ને સ્વાદિષ્ટ ખાણું તદ્દન ગુમાવી દીધું છે."

શિયાળની પેઠે લોભી થવું નહિ.

Composition.

(1) The fox said, "Ah, just the very dinner I should like."

(2) When he hid behind the trees to catch the hen, he heard a great noise.

(3) A tom-tom was hanging on a tree. As the wind blew, the branches beat upon it and thus caused the noise that he had heard.

(4) He said to himself, that it should have more flesh than the skinny hen, which could make so much noise.

(5) Then he allowed to escape the hen and began to try to get down the tom-tom.

(6) He said, "I am an unfortunate creature. I have missed a good meal for nothing."

(7) We should not be greedy like the fox.

Proverbs (કહેવત) :— Avarice is the root of all evils. (અતિ લોભ તે પાપનું મૂળ). Much wants more and loses all. (હવેલી લેતાં ગુજરાત જાય). All grasp-all lose.

Story in short.

Once there was a hungry fox. He was looking for food. He saw a fine fat hen. He hid behind the bush to catch her. But before getting her he heard a noise. He inquired for it and found a tom-tom hanging on a tree. It seemed to him just like a fleshy eatable thing. He at once jumped and got it, and then he allowed to escape the hen. As he was prepard to dine, he tore the parchment head open and finding nothing inside, became sorry and angry.

Proverb :

1 Greed gains nothing, but loses every thing.

2 A bird in the hand is worth two in the bush.



Lesson 8 પાઠ ૮

The wind પવન

Neither...nor (નાઈધર નોર) એમાંથી એકેય નહિ
Hang (હેન્ગ) લટકવું.
Trembling (ટ્રેમ્બલીંગ) ધ્રુજતા
Is passing (ઈઝ પાસીંગ) પસાર થાય છે, વાય છે
Through (થ્રુ) માં થઈને
Bow (બાઉ) નમાવે છે, ઝુકાવે છે.
Tneir (ધેર) તેઓના
Heads (હેડસ) માથાં, ડાળીઓ, ઉપલા ભાગ
By (બાઇ) પાસેથી
Never (નેવર) કદી નહિ
Rest (રેસ્ટ) આરામ લેવો
Wandering (વોન્ડરીંગ) ભટકતો
Whistling (વ્હીસલીંગ) સુસવાટા મારતો
To and fro (ટુ એન્ડ ફ્રો) આમ તેમ
Rain (રેઈન) વરસાદ
West (વેસ્ટ) પશ્ચિમ
Dim (ડીમ) ઝાંખું
North (નોર્થ) ઉત્તર
Snow (સ્નો) બરફ

પવનને કોણે જોયો છે? તમે કે મેં એમાંથી એકેએ (કોઈએ) પણ નહિ. પણ જ્યારે પાંદડાઓ ધ્રુજતા લટકે છે, ત્યારે પવન તેમાં થઈને પસાર થાય છે.

કોણે પવનને દીઠો છે? તમે કે મેં એમાંથી કોઈએ નહિ. પણ જ્યારે ઝાડ તેમના માથા (ઉપલા ભાગો) નીચાં ઝુકાવે છે, ત્યારે પવન તેમની પાસેથી પસાર થાય છે.

ઓ પવન! તું આમ તેમ ભટકતો, સુસવાટા મારતો (સીસોટી મારતો) પશ્ચિમ દીશા તરફથી વરસાદ ઘસડી લાવતો અને ઝાંખી ઉત્તર દીશા તરફથી બરફ લઈ આવતો કદીપણ આરામ કેમ લેતો નથી!


Composition.

(1) We cannot see it, because it is neither a matter nor a thing.

(2) It is simply moving air.

(3) We can feel it upon our bodies. We can see the leaves of the trees shaking when it blows and the trees themselves bending when it blows strongly.

(4) The leaves tremble even when a very little wind blows.



Lesson 9 પાઠ ૯

The hare and her friends સસલું અને તેના સ્નેહીઓ

Found (ફાન્ડ) શોખીન	Glad (ગ્લેડ) ખુશ
Think (થીન્ક) ધારૂં છું	Meet (મીટ) મળવું
Kind (કાઇન્ડ) માયાળુ	The same (સેઇમ) એમજ
Wish (વીશ) ઇચ્છું છું	Love (લવ) ચાહવું
Something (સમથીંગ) કંઇક	A number of (એ નંબર ઓફ) સંખ્યાબંધ
Show (શો) બતાવવું	Are hunting (આર હન્ટીંગ) શિકાર કરે છે.
Like (લાઇક) ગમવું	Someone (સમવન) કોઇક
Sleep (શ્લીપ) ઊંઘવું	Are chasing (આર ચેઇઝીંગ) પાછળ પડેલા છે.
Goat (ગોટ) બકરો	
Gentle (જેન્ટલ) નમ્ર	
Always (ઑલવેઝ) હંમેશાં	

Poor (પુઅર) બિચારા
Pity (પીટી) દયા
Help (હેલ્પ) મદદ કરો
Mr=Mister (મીસ્ટર)
Such (સચ) એવી
Trouble (ટ્રબલ) મુશ્કેલી
Please (પ્લીઝ) મહેરબાની કરીને
Get on (ગેટ ઓન) ઉપર બેસવું
Back (બેક) પાઠ
Carry (કેરી) ઉંચકવું
Away (અવે) દૂર
Cruel (ક્રુઅલ) ઘાતકી
Sorry (સોરી) દીલગીર
Work (વર્ક) કામ
Master (માસ્ટર) માલીક
So many (સો મેની) આટલા બધા
Else (એલ્સ) બીજું
Sure (સ્યોર) ખાત્રી
Mrs–Missis (મીસીસ)
Danger (ડેન્જર) ભય
Use (યુઝ) ઉપયોગ કરવો
Horns (હોર્ન્સ) શીંગડાં
Drive (ડ્રાઈવ) હાંકી કાઢવું
Find (ફાઇન્ડ) માલમ પડે છે
Be milked (બી મીલ્કડ) દુધ દોહવાવું
Another (અનધર) બીજો
Perhaps (પરહેપ્સ) કદાચ
Stand (સ્ટેન્ડ) ઉભા રહેવું
Between (બીટવીન) વચ્ચે
Hurt (હર્ટ) ઈજા કરવી
Like (લાઇક) જેવી, જેવું
Step (સ્ટેપ) પગ મુકવો
Sharp (શાર્પ) તીણું
Hoofs (હુફ્સ) ખરીઓ
Fight (ફાઇટ) લડવું
Kill (કીલ) મારી નાખવું
Thought (થૉટ) ધાર્યું હતું
However (હાઉ એવર) ગમે તેમ, ગમે તે રીતે
Knew (ન્યુ) જાણી ગયો
Lost (લૉસ્ટ) ગુમાવી દીધી
Made up mind (મેઇડ અપ માઇન્ડ) નિશ્ચય કર્યો

ઘોડો–તમે સસલાને ઓળખો છો? હું તેનો ઘણો શોખીન (ચાહક) છું.

ગાય–અરે હા, હું ધારૂં છું કે તે ઘણું માયાળુ હોય છે. હું ઈચ્છું છું કે હું તેણીને કેટલો બધો ચાહું છું તે બતાવવા તેને માટે કંઈક કરી શકું.

બકરો–તે ઘણું જ નમ્ર હોય છે. હું તેને મળવાને હંમેશ ખુશ છું.

ઘેટું–હું પણ એમ જ ધારૂં છું. આપણે તેને કેટલા બધા ચાહીએ છીએ તે બતાવવાને આપણે શું કરી શકીએ?

ઘોડો–પેલું કોણ આટલું બધું ઝડપથી દોડે છે? મને તમે કહી શકશો?

ગાય–હું સંખ્યાબંધ કુતરાઓને જોઉં છું.

બકરો–તેઓ કોઇનો શીકાર કરે છે.

ઘેટું–અરે, તેઓ સઘળા બિચારાં સસલાંની પાછળ પડેલા છે.

બધા–ગરીબ બિચારૂં...કેવું દયાજનક!

સસલું–દોસ્ત ઘોડા, દોસ્ત ઘોડા, મદદ કર, મદદ કર. અરે...હું આટલા બધા સંકટમાં છું. મહેરબાની કરીને મને તમારી પીઠ ઉપર બેસવા દયો. આ ઘાતકી કુતરાઓના પંજામાંથી મને દૂર ઉંચકી લઇ જાવ.

ઘોડો–હું ઇચ્છું છું કે હું તને મદદ કરી શકું. હું દીલગીર છું, પણ મારે માલીકને માટે થોડું કામ કરવું જોઇએ એવું થોડુંક કામ છે. તને આટલા બધા મિત્રો છે. બીજા કોઇકની પાસે દોડી જા. મને ખાત્રી છે કે તેઓ તને મદદ કરશે.

સસલું–ગાય, ઓ ગાય! હું મોટા ભયમાં છું. મહેરબાની કરીને તમારા શીંગડા એ તમામ કુતરાઓને હાંકી કાઢવામાં વાપરો.

ગાય–મને એમ કરવાનું ગમે છે ખરૂં, પણ મને જણાય છે, કે હવે મારે જવું જોઇએ અને દુધ દોહડાવવું જોઇએ. કદાચ કોઇ બીજે દિવસે! (મદદ કરીશ) મને ખાત્રી છે કે બકરો તમને મદદ કરશે.

સસલું–દયાળુ બકરાભાઇ, કૃપા કરીને મને મદદ કરો. મારી અને એ ઘાતકી કુતરાઓની વચ્ચે ઉભા રહો.

બકરો—તારા જેવી એક નાજુક (નમ્ર) ચીજને તેઓ ઈજા નહિ કરશે. હું તો હમણાં મારા તીણી ખરીવાળાં પગ તારી ઉપર મુકું, અને એ પછી તને ઈજા થાય. (મારી મદદ તને ઈજા કરનારી થઇ પડશે.)

સસલું—વ્હાલી ઘેટી, તમે મને મદદ કરશો ? મહેરબાની કરીને મને કુતરાઓ સાથે લડવામાં મદદ કરો.

ઘેટી—મારા વહાલા સસલાં, હું તને મદદ કરી શકતી નથી. જો હું કુતરાઓને ગુસ્સે કરૂં, તો તેઓ તારી સાથે મને પણ મારી નાખશે.

સસલું—હું ધારતું હતું કે મને આટલા બધા મિત્રો છે, અને હવે હું મુસ્કેલીમાં છું, ત્યારે મને માલમ પડે છે કે મને એકે (સાચો સ્નેહી) નથી. તેમ છતાં જ્યારે કોઈ મને મદદ કરે એમ નથી ત્યારે મારે જ મારી જાતને (પોતાને) મદદ કરવી જોઇએ. જો હું વધારે ઝડપથી દોડી શકું, તો જોઉં, કે કેવી રીતે હું ન્હાસી જઈ શકું.

પહેલો કુતરો—જ્યારે મેં તેને તેના પેલા બધા મિત્રોની પાસે જતી જોઇ (સસલીને) ત્યારે મેં ધાર્યું હતું કે આપણે તેને પકડવાની તૈયારીમાં છીએ.

બીજો કુતરો—જેવો તેણે પોતાની જાતને પોતે જ મદદ કરવાનો નિર્ણય કર્યો તેવોજ હું સમજી ગયો કે આપણે તેને ગુમાવી બેઠા છીએ. એટલે હવે આપણે પાછાં ફરી ઘેર જઇએ તો સારૂં થાય !

Composition.

(1) I have to go to do some work for my master.

(2) It is my time to go to be milked.

(3) Perhaps you would be hurt, If I might slep on you with my sharp hoofs. I do not think the dogs will hurt so small a thing like you.

(4) If I try to oppose the dogs to save you, they may become angry and kill me as well as you.

(5) She decided to escape by running away very quickly.

(6) When they saw her going to their friends for getting help, they thought they were going to catch her, and when she made up her mind to help herself by runnig away as fast as she could, they thought they had lost her.

(7) We should always try to stand upon our own legs and never trust upon others.

Proverbs :—

(૧) આપ મુઆ વિના સ્વર્ગ ન જવાય Crosses are ladders that lead to heaven.

(૨) આપ સમાન બળ નહિ. Every tub must stand on its own bottom.

(૩) પારકી આશ સદા નિરાશ. Dependence upon others is a certain disappointment.

(8) Sentences about a hare chased by dogs:-

(*a*) The hare was put into trouble

(*b*) She ran to each of her friends and requested to help her.

(*c*) At last she was disappointed and made up her mind to help herself.

(*d*) She ran as quickly as possible and thus saved her life.



Lesson 10 પાઠ ૧૦

Temple (ટેમ્પલ) દેવળ	Tale (ટેઇલ) વાર્તા
Garden (ગાર્ડન) બગીચો	Is called (ઇઝ કોલ્ડ) કહેવાય છે.
Dear (ડીઅર) વહાલા	Read (રેડ) વાંચી read (રીડ)નો
Nice (નાઇસ) સુંદર	Friend (ફ્રેન્ડ) મિત્ર [ભૂત કાળ
Faily (ફેરી) પરી, અપ્સરા	

૮, ટેમ્પલ ગાર્ડન્સ,

સુરત, ૧લી ડીસેમ્બર ૧૯૩૬.

મારા વહાલા સોહરાબ,

હું (હાલ) એક સુંદર નાની પરીકથા વાંચું છું. તે સીન્ડરેલા કહેવાય છે (તેનું નામ સીન્ડરેલા છે.) શું તમે તે વાંચી છે?

તમારો સ્નેહી,

રૂસ્તમ.

Lesson 11 પાઠ ૧૧

The little plant નાનો છોડવો

Heart (હાર્ટ) હૃદય, કાળજું
Seed (સીડ) બીયું
Barried (બેરીડ) દટાયલો
Deep (ડીપ) ઉંડો
Plant (પ્લેન્ટ) છોડવો
Sun shine (સન શાઇન) સૂર્યનો પ્રકાશ
Light (લાઇટ) તેજ
Voice (વોઇસ) અવાજ
Rain drops (રેઇન ડ્રોપ્સ) વરસાદનાં ટીપાંઓ
Lay asleep (લે એસ્લીપ) ઉંઘમાં પડયો હતો
Fast (ફાસ્ટ) ભર, પુષ્કળ
Wake (વેઈક) જાગવું
Creep (ક્રીપ) સરકી આવવું
Heard (હર્ડ) સાંભળ્યું
Rose (રોઝ) જાગ્યો, ઉઠયો
What (વૉટ) કેવી
Wonderful (વન્ડરફુલ) અજાયબીભરેલી
World (વર્લ્ડ) દુનિયા

બીયાનાં કાળજામાં (દીલમાં–મધ્ય ભાગમાં) ઉંડો...ખૂબ ઉંડો દટાઇ ગએલો એક સુંદર નાનો છોડ ભર ઉંઘમાં પડેલો હતો.

સૂર્યના પ્રકાશે તેને કહ્યું, 'જાગ, અને પ્રકાશ તરફ ધીમે રહીને સરકી આવ, ચકચકતા વરસાદનાં ટીપાંઓએ કહ્યું, 'ઉઠી જા...'

તે નાના છોડવાએ સાંભળ્યું, અને બહારની દુનિયા કેવી અજાયબીભરી (ચમત્કારીક) હોય છે, તે જોવા તે ઉઠયો. (જાગ્યો.)

Composition.

(1) They are planted very deep in the ground in order to suck up their food for growing and to build up their roots firmly.

(2) It must have enough water as well as moist soil.

(3) We can say that because it comes out of the seed when the raindrops touch it and wake it up.

(4) They say 'wake' with the sound of their falling on the ground.

(5) The rays of the sun spread every where upon the ground and say to it to wake.

(6) It hears the voice of the raindrops, it gets the light of the sunshine, and with the help of water and light it comes out to see the outside world.



Lesson 12 પાઠ ૧૨

Coming home from work કામથી પરવારીને ઘેર આવતાં

Farm-boy (ફાર્મ બૉય) ખેડુતનો છોકરો
Fields (ફીલ્ડસ) ખેતરો
Is wading (ઇઝ વેડીંગ) પાણીમાં થઈને ચાલે છે.
Across (એક્રોસ) આ પારથી પેલે પાર
Stream (સ્ટ્રીમ) ઝરો
Spade (સ્પેઈડ) કોદાળી

Basket (બાસ્કેટ) ટોપલી
Shoulder (શોલ્ડર) ખભો
Early (અર્લી) વહેલો
Back (બેક) પાછો
Sun set (સન સેટ) સુરજ આથમે ત્યારે, સમીસાંજે
All day (ઓલ ડે) આખો દિવસ
Strong (સ્ટ્રોન્ગ) બળવાન

Healthy (હેલ્થી) તંદુરસ્ત
For=કારણુ કે, Because
Country (કન્ટ્રી) દેશમાં, ગામડામાં
Fresh air (ફ્રેશ એર) તાજી હવા
Smoky (સ્મોકી) ધુમાડાવાળા
Towns (ટાઉન્સ) શહેરો
Hard (હાર્ડ) મહેનતુ, સખત
Life (લાઇફ) જીવન, જીંદગી
Sun rise (સન રાઇઝ) સૂર્ય ઉગવાનો સમય
Weathers (વેધર્સ) ઋતુઓ
Master's (માસ્ટર્સ) માલીકના
Have to go (હેવ ટુ ગો) જવું પડે છે.
Plough (પ્લાઉ) ખેડવું, ચાસવું,
Weed (વીડ) નકામાં રોપા દુર કરવા
Sow (સો) વાવવું
Dig (ડીગ) ખોદવું
Flow on (ફ્લો ઓન) વહેતું કરવું
Sets (સેટસ) આથમે છે.
Tired (ટાયર્ડ) થાકેલો, કંટાળેલો
Hungry (હન્ગ્રી) ભુખ્યો
Bath (બાથ) સ્નાન
Meal (મીલ) ખાણું, ભોજન
Sound (સાઉન્ડ) ઘસઘસાટ
Put=make બનાવે છે
Right (રાઇટ) બરાબર, તાજો
Up=get up ઉઠું છું.
As ever (એઝ એવર) હંમેશ મુજબ
Happy (હેપી) સુખી
Contented (કન્ટેન્ટેડ) સંતોષી

ખેતરોમાં કામ કરીને ઘેર આવતો આ ખેડૂતનો છોકરો છે. તે તેના ખભા ઉપર તેની (પોતાની) કોદાળી અને ટોપલી સાથે (લઇ ને–ઉચકીને) ઝરાનાં પાણીમાં થઇને આ પાર (બાજુ) આવે છે.

તે સવારમાં વહેલો કામે જાય છે, અને સુરજ આથમે એટલે પાછો આવે છે. આમ તે આખો દિવસ કામ કરે છે, પણુ તે બળવાન અને તંદુરસ્ત દેખાય છે, કારણુ કે તે તાજી (ચોકખી) હવામાં ગામડામાં કામ (મહેનત) કરે છે. ધુમાડીયા શહેરોમાં કામ કરવા કરતાં તે વધારે સારૂં છે.

હા, મારી જીંદગી ઘણી મહેનતુ છે. હું આખો દિવસ કામ કરૂં છું. અને અઠવાડિયામાં દરરોજ સૂર્ય ઉગે ત્યાંથી તે આથમે ત્યાં સુધી! (કામ કરૂં છું) અને મને બધી રૂતુઓમાં બહાર જવું પડે છે (ભલેને) વરસાદ સજ્જડ વરસતો હોય, અથવા ઘણી ગરમી (તાપ) પડતી હોય, છતાં પણ મારે મારા શેઠનાં ખેતરમાં મારૂં કામ કરવું જ જોઈએ!

હું ખેડું છું, અને વાવું છું, અને (જમીન) ખોદું છું અને નકામા રોપને દૂર કાઢી નાખું છું, અને ખેતરોમાં પાણી વહેવડાવું છું. જ્યારે સુરજ આથમી જાય છે, ત્યારે મને મારી ટોપલી મારે માથે અને મારી કોદાળી મારા ખભા ઉપર લઈને ઘણું લાંબુ ચાલીને (લાંબે સુધી મુસાફરી કરીને-લાંબો રસ્તો કાપીને) ઘેર આવવું પડે છે.

ત્યાર પછી હું થાકી જાઉં છું ને ભૂખ્યો થાઉં છું, પણ એક સ્નાન, એક સારૂં (પેટ ભરીને) ખાણું અને એક રાતની ઘસઘસાટ (ભર) ઉંઘ ઘણી જલ્દીથી મને પાછો તાજો બનાવી દે છે.

બીજી સવારે જ્યારે મરઘો કુકરે કુક કરે છે, ત્યારે હું હમેશ મુજબ તાજો બનીને ઉઠી જાઉં છું. હું ઘણી સખત (મહેનત ભરેલી) જીંદગી ગુજારૂં છું, પણ હું સુખી ને સંતોષી છું.

Composition.

(1) He has his spade and basket on his shoulder.

(2) He is walking in the water of a stream.

(3) There are fields on the other side of the stream.

(4) We can see many trees in the distance.

Lesson 13 પાઠ ૧૩ (Part I)

The Lion and the Mouse સિંહ અને ઉંદર

Lion (લાયન) સિંહ
Felt (ફેલ્ટ) લાગ્યો. Feel નો ભૂત કાળ
Hot (હૉટ) તાપ, ગરમી.
Tired (ટાયર્ડ) થાકેલો. શ્રમિત થયેલો
Lay down (લે ડાઉન) આડો પડયો.
Woke (વોક) જગાડયો. (Wake નો ભૂત કાળ)
Roared (રોર્ડ) ગર્જ્યો.
Squeak (સ્કવીક) ચીચીઆરી
Fear (ફીઅર) ભય, બ્હીક
Paw (પૉ) પંજો
Tiny (ટાઇની) નાજુક
Mouse (માઉસ) ઉંદર
Dare (ડેર) હિંમત કરવી.
Growled (ગ્રાઉલ્ડ) ઘુરકયો
Humbly (હમ્બ્લી) નમ્રતાપૂર્વક
Beg pardon (બેગ પાર્ડન) માફી માગવી
Beg (બેગ) વિનંતી કરવી.
Spare (સ્પેર) બચાવવું.
Wept (વેપ્ટ) રડી પડ્યો (Weep નો ભૂત કાળ)
Again (અગેન) ફરીથી
Forgive (ફરગીવ) માફ કરવું
Be off (બી ઑફ) દુર થા, ચાલ્યો જા.
Forget (ફરગેટ) ભુલી જવું
Promise (પ્રોમીસ) વચન
Soon (સુન) તરતજ
Foot (ફુટ) પગ
Trap (ટ્રેપ) જાળ, ફાંસો
Net (નેટ) જાળ
Flew over (ફ્લ્યુ ઓવર) ઝુલતી પથરાઈ ગઈ (Flow નો ભૂત કાળ)
Was caught (વૉઝ કોટ) પકડાઇ ગયો.
Pulled (પુલ્ડ) ખેંચાખેંચ કરી
Hard (હાર્ડ) જોરથી, સખત રીતે
Way (વે) તરફ, બાજુ
Free (ફ્રી) છૂટો

એક વખત એક સિંહ જંગલમાં થઇને ચાલ્યો જતો હતો. તેને ઘણો તાપ લાગ્યો હતો અને થાકી ગએલો હતો, તેથી આડો પડયો અને ઉંઘવા મંડયો. તે બહુ વાર ઉંઘ્યો નહિ હોય, ત્યાં તો કોઇક ચીજે તેને જગાડી પાડયો.

તે ગર્જી ઉઠયો "મને કોણે (શાથી) જગાડયો?" ભયની એક ચીચીઆરી સાંભળીને તેણે નીચે નિહાળ્યું. તેણે જોયું કે તેનો પ્રચંડ પંજો એક નાજુક ઉંદરની ઉપર પડેલો હતો.

સિંહે ઘુરકીને કહ્યું, "મને જગાડવાની હિંમત તેં કેમ કરી?"

ઉંદરે ચાચીઆરી કરતા કહ્યું, "સાહેબ, હું ઘણી જ નમ્રતા-પૂર્વક આપની માફી માગું છું. હું તેમ કીધા વિના રહી શકયો નહિ. (મારાથી અકસ્માત એમ થઇ ગયું.)"

સિંહ બોલ્યો, "હાં, હું ધારૂં છું કે હું તને મારી નાખીશ અને પછી કહીશ કે મારાથી એમ કીધા વિના રહેવાયું નહિ."

ઉંદર રડવા લાગ્યો અને બોલ્યો, "સાહેબ, હું આપને મારી જીંદગી બક્ષવાની (બચાવવાની) વિનંતી કરૂં છું. હું ફરીથી કદી એમ નહિ કરીશ."

સિંહે કહ્યું, "ઠીક, આટલી વખત હું તને માફ કરીશ. ચાલ્યો જા, અને તારૂં વચન ભૂલતો નહિ."

આ (બન્યા) પછી તરત જ સિંહ ફરીથી જંગલમાં ફરવા લાગ્યો. જયારે તે આગળ જઇ રહ્યો હતો, ત્યારે તેનો પગ જાળમાં (ફાંસામાં) પડી ગયો. એક મોટી જાળ એની ઉપર ઝૂલતી પથરાઇ ગઇ અને તે પકડાઇ ગયો.

તેણે પોતાનાથી બની શકે એટલા જોરથી તે (જાળ બહાર નીકળવા) આમથી તેમ ખેંચી, પણ તે છૂટો થઇ શકયો નહિ.

Composition.

(1) He lay down because he felt very hot and tired.
(2) Something woke him up from his sound sleep.
(3) He became very angry and began to growl.
(4) He said, "What woke me up?"
(5) He saw a tiny mouse squeaking under his big paw.
(6) He growled, "How dare you tiny thing wake me up?"
(7) It squeaked, "Sir, I could not help it; I humbly beg your pardon."
(8) He replied, "Oh, I think I will kill you and say I could not help it."
(9) The mouse asked to spare its life as it wept.
(10) He said, "Well, I will forgive you this time. Be off and do not forget your promise."
(11) Soon after this the lion was caught into a net-trap while he was walking again through the jungle.
(12) The lion to mouse :—

(A) How did you dare to wake me up?
(B) I think, I will kill you, and say I could not help it.
(C) I will forgive you this time. Be off, and do not forget your promise.

(13) The mouse's replies :—

(A) I most humbly beg your parpon sir, I could not help it.

(B) I beg you to spare my life.

(C) I will never do it again.



Lesson 14 પાઠ ૧૪ (Part II)

The LiOn and the Mouse સિંહ અને ઉંદર

Grew (ગ્રુ) થયો.
Aloud (એલાઉડ) મોટેથી
Pulled (પુલ્ડ) ખેંચી
Tore (ટોર) ચીરી, ફાડી
Tear (ટેર)નો ભૂતકાળ
Kicked (કીક્ડ) લાત મારી
Struggled (સ્ટ્રગલ્ડ) ફાંફા માર્યા
In vain (ઇન વેઇન) ફોગટ
Indeed (ઇનડીડ) ખરેખર
Tighter (ટાઇટર) વધારે મજબુત
Became (બીકેઇમ) થઇ
(Become નો ભૂત કાળ)

Still (સ્ટીલ) શાંત
Gnow (નો) દાંતથી કાતરવું
Rope (રોપ) દોરડું
Set free (સેટ ફ્રી) છૂટો કરવો
Best (બેસ્ટ) બનતું
Set to work (સેટ ટુ વર્ક) કામે લાગ્યો
Spared (સ્પેર્ડ) બક્ષી, બચાવી.
Good turn (ગુડ ટર્ન) ઉપકારનો બદલો, ભલમનસાઇ
Deserves (ડીઝર્વ્સ) ને યોગ્ય થાય છે.

સિંહ ઘણો ગુસ્સે થયો. તે મોટેથી ગર્જ્યો, તેણે (જાળ) ખેંચી જોઈ, ફાડી જોઈ, લાત મારી જોઇ અને (બહુ બહુ) ફાંફાં માર્યાં. એ બધા નકામા નીવડ્યા. ખરેખર, જેમ જેમ તેણે વધુ પ્રયત્નો કર્યા તેમ તેમ જાળ વધારે ને વધારે મજબુત બનતી ગઇ.

આખરે તે શાંત (સ્થિર) થઇને પડયો. તે એટલો બધો થાકી ગયો હતો કે તેનાથી ખસાયજ નહિં. તે બોલ્યો, "હું પકડાઇ ગયો છું અને મરી જઇશ. જ્યારે હું છૂટો હતો ત્યારે ઘણા મને કહેતા હતા, કે અમે તમારા મિત્રો છીએ પણ અત્યારે મારો કોણ મિત્ર છે? મને કોઇ મિત્ર નથી."

એજ વખતે તેણે એક નાજુક અવાજ એમ કહેતો સાંભળ્યો, "સાહેબ, આપને એક મિત્ર છે. હું ખુશ થાઉં છું કે તમને મદદ કરી શકીશ." (હું ખુશીથી તમને મદદ કરી શકું તેમ છું.)

સિંહે નીચે જોયું અને ફરીથી પેલા નાનકડા ઉંદરને દીઠો. સિંહે કહ્યું, "તું શું કરી શકશે?"

"સાહેબ, હું જાળ આરપાર દાંત વડે કાતરી શકીશ. જો તમે શાંત બેસી રહેશો તો હું આપને છૂટા કરી શકીશ."

સિંહે કહ્યું, "તો પછી તારાથી બનતું કર." અને ઉંદર કામે લાગ્યો. બહુ વાર ન થઈ ત્યાં તો ઉંદરે દોરડાં આરપાર કાતરી નાખ્યાં. સિંહ છૂટો થયો.

તેણે કહ્યું, "ઉંદર! તારો આભાર માનું છું. એમ લાગે છે, કે ઉંદર સિંહને મદદ કરી શકે છે."

ઉંદરે કહ્યું, "સાહેબ, તે દિવસે તમે મારી જીંદગી બક્ષી હતી. (જીવતદાન દીધું હતું.) એક ઉપકાર બીજા (ઉપકાર) ને મેળવવા લાયક થાય છે. (ભલમનશાઇનું એક પણ કામ નકામું જતું નથી. એનો બદલો જરૂર મળે છે.) **कर भला होगा भला !**

Composition.

(1) The lion seems to be angry. He is caught in the net which is made up of many strong ropes. He roars and struggles in order to free himself from the trap.

(2) The mouse said to the lion, "Sir, you have one true friend, and it is I. I will set you free by gnawing through the rope."

(3) The little mouse gnawed through the ropes, which gave way and the lion could easily escape.

(4) (A) It was little and tiny.

(B) It did not forget that its life was spared by the lion once.

(C) It was pleased because it got chance to return the good done to him.

Lesson 15 પાઠ ૧૫

The Lion and the Mouse સિંહ અને ઉંદર

Prowling (પ્રાઉલીંગ) શિકાર માટે ભટકતો

The woods (વુડસ) જંગલ

Eager (ઇગર) આતૂર

Search (સર્ચ) શોધ

Prey (પ્રે) શિકાર

By chance (બાઇ ચાન્સ) દૈવયોગે.

Get away (ગેટ અવે) ન્હાસી જવું.

Within (વીધીન) અંદર
Unpleasant (અનપ્લેઝન્ટ)
Lo (લો) જુઓ [અણગમતા
Hole (હોલ) દર
Crept (ક્રેપ્ટ) ધીમેથી નીકળ્યો
Nibbled (નીબલ્ડ) ધીમે ધીમે કરડી ખાધી.
Cords (કાર્ડસ) દોરડાં
Formed (ફોર્મ્ડ) બનાવી હતી
String (સ્ટ્રીન્ગ્સ) દોરડીઓ
Gave way (ગેઇવ વે) છૂટી પડી ગઇ
Shows (શોઝ) બતાવે છે.
Despise (ડીસ્પાઇઝ) તિરસ્કાર કરવો
Humblest (હમ્બ્લેસ્ટ) સહુથી ગરીબ, બહુજ નમ્ર
Strongest (સ્ટ્રોન્ગેસ્ટ) સહુથી [બળવાન
Need (નીડ) જરૂર પડવી

એક સિંહ શિકારની શોધમાં અધીરો થઇને જંગલમાં ભટકી રહ્યો હતો. તે દૈવ સંજોગે એક જાળમાં સપડાઇ ગયો, અને ન્હાસી જઇ શકયો નહિ.

આ અણગમતા ઘરમાંથી પોતાની જાતને છૂટી કરવાને તેણે ફોગટ ફાંફા માર્યા. (તેના પ્રયત્નો નિષ્ફળ ગયા) જ્યારે, જુઓ! એક ઘણો નાનો ઉંદર તેના દરમાંથી છાનોમાનો ધીરે ધીરે ચાલીને બહાર નીકળ્યો.

જે દોરડાઓએ જાળને બનાવી (ગુંથી) હતી, તેને તેણે પોતાના નાના દાંતો વડે કાતરી નાખી. (ત્યાં સુધી કે જ્યાં) એક પછી એક દોરડીઓ (જાળના તાંતણાઓ) છૂટી પડી ગઈ અને સિંહ છૂટો થઈ ગયો.

આ બતાવે છે, કે આપણે જે નજીવામાં નજીવી (નમ્રમાં નમ્ર) ચીજ જીવે છે, તેનો તિરસ્કાર કરવો જોઇએ નહિ. કોઈ કોઈવાર સૌથી બળવાન માણસને પણ મદદની જરૂર પડે છે, અને ગરીબ માણસ તે આપે છે.



Lesson 16 પાઠ ૧૬ (Part I)

The Elephant હાથી.

Elephant (એલીફન્ટ) હાથી
Beast (બીસ્ટ) પ્રાણી
Tusks (ટસ્કસ) દંતૂશળ
Teeth (ટીથ) દાંત
Grow (ગ્રો) ઉગવું
Nose (નોઝ) નાક
Trunk (ટ્રન્ક) સૂંઢ
Ears (ઇયર્સ) કાન
Hang (હેન્ગ) લટકવું.
Flap (ફ્લેપ) ફફડાવવું
Wise (વાઇઝ) શાણા.
Teach (ટીચ) શીખવવું
Useful (યુઝફુલ) ઉપયોગી

Picture (પીક્ચર) ચિત્ર
Log (લૉગ) લાકડાનો કકડો
Strong (સ્ટ્રોન્ગ) બળવાન
Try (ટ્રાઇ) યત્ન કરવો
Expect (એક્સપેક્ટ) આશા રાખવી
Use (યુઝ) ઉપયોગ કરવો
Also (ઓલ્સો) વળી, પણ
Together (ટુગેધર) ભેગા
Able (એબલ) શકિતમાન
Roll (રૉલ) ગબડાવવું.
Teak (ટીક) સાગ
Burma (બર્મા) બ્રહ્મદેશ

અહીંઆ બે સુંદર હાથીઓ છે. તેઓ કેવાં મોટાં પ્રાણીઓ છે! તેમના દંતૂશળ તરફ જુઓ. હાથીના દંતૂશળ બે ઘણા લાંબા દાંત જેવા હોય છે, કે જે તેના નાકની દરેક બાજુએથી બહાર ઉગે છે.

તેનું નાક ઘણું મોટું હોય છે અને તેને તેની સૂંઢ કહેવામાં આવે છે. હાથીને કેવા મોટા કાન હોય છે. તે આપણે જોઇ શકીએ છીએ. તેઓ નીચે ઝૂલતા (લટકતા) અને ફફડતા હોય છે.

હાથીઓ ઘણા શાણા હોય છે. તેઓ જેવા મોટા હોય છે, તેવા નમ્ર હોય છે, અને માણસો તેમને ઉપયોગી કામ કેવી રીતે કરવાં તે શીખવે છે.

ચિત્રમાં બે હાથીઓ કામ કરી રહ્યા છે. આપણે લાકડાનો એક મોટો કકડો જોઇ શકીએ છીએ. એ એક એવું ઝાડ હોવું જોઇએ, કે જેને કાપી નાખવામાં આવ્યું છે.

તે બે હાથીઓ તે મોટા લાકડાના કકડાને ખસેડવાની તૈયારીમાં છે. તેઓ તેમ કરી શકવાને માટે ઘણાજ બળવાન હોવા જોઇએ. ડાબી બાજુ તરફનો એક (હાથી) લાકડાના કટકાની નીચે પોતાના દંતૂશળ મુકવા માટે યત્ન કરે છે. હું આશા રાખું છું કે તે તેની સૂંઢનો પણ ઉપયોગ કરશે.

હાથીઓ એટલા બધા શાણા હોય છે, કે તેઓ સાથે કામ કરશે, અને પછી તેઓમાંના બે તે લાકડાના કટકાને ગબડાવવા માટે શકિતમાન થશે.

આ ચિત્ર સીઆમમાં—કે જ્યાં તેઓ સાગના ઝાડ કાપી નાખે છે, ત્યાં લેવાયું હતું. વળી તેઓ બ્રહ્મદેશમાં પણ સાગના ઝાડ કાપે છે.

બ્રહ્મદેશમાં તેમજ સીઆમમાં તેઓને કામમાં મદદ કરવા ઘણા હાથીઓ હોય છે. (મળી રહે છે.)

Composition.

Sentences about the picture :—

There are two elephants, two men, a big piece of wood and many trees in the picture. The men are the trainers of the elephants. They are in a certain jungle. They are trying to move the big log of wood with their trunks which is lying on the ground.



Lesson 17 પાઠ ૧૭ (Part II)

The Elephant હાથી.

Clearly (ક્લીઅરલી) સ્પષ્ટ રીતે
Talk (ટોક) વાત કરવી
About (એબાઉટ)ને વિષે
Again (અગેન) ફરીથી
Young (યન્ગ) જુવાન
Baby (બેબી) બાળક
Just as (જસ્ટ એઝ) જેમ
Fully grown (ફુલ્લી ગ્રોન) પુખ્ત વયનો થયેલ
Ivory (આઇવરી) હાથીદાંત
Value (વેલ્યુ) કિંમત
Defend (ડીફેન્ડ) બચાવ કરવો
Enemy (એનીમી) દુશ્મન
Even (ઇવન) પણ
Tiger (ટાઇગર) વાઘ
Helpless (હેલ્પલેસ) લાચાર
Way (વે) રીત
Hate (હેઇટ) ધિક્કારવું
Springs (સ્પ્રીન્ગ) કુદે છે.
Cling (ક્લીન્ગ) વળગવું
Hurt (હર્ટ) ઇજા કરવી
Badly (બેડલી) ગંભીર
Train (ટ્રેઇન) કેળવવું
Hunt (હન્ટ) શિકાર કરવો
Almost (ઓલમોસ્ટ) લગભગ
Anything (એનીથીંગ) કંઇ પણ ચીજ
Tip (ટીપ) ટોચ
Kind (કાઇન્ડ) જાત
Finger (ફીન્ગર) આંગળી
Thnmb (થમ્બ) અંગુઠો
Pick up (પીક અપ) ઉંચકી લેવું
Pin (પીન) ટાંકણી
Needle (નીડલ) સોય
Two anna bit (ટુ એના-બીટ) બેઆનીનો સિક્કો
Flowers (ફલાવર્સ) ફૂલો
Easily (ઇઝીલી) સહેલાઇથી
Root up (રૂટ અપ) મૂળમાંથી ઉખેડી કાઢવું
Turn (ટર્ન) ફેરવવી
Key (કી) કુંચી
Wants (વોન્ટસ) જોઇએ છે
Drink (ડ્રીન્ક) પીણું
Bends (બેન્ડસ) નમાવે છે
Under (અન્ડર) નીચે
Sends (સેન્ડઝ) મોકલે છે

આ ચિત્રમાં આપણે હાથીને બહુ સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. આપણને ફરી તેને વિષે વાત કરવા દયો. (ચાલો આપણે ફરીથી તેને વિષે ચર્ચા કરીએ.)

તેને કેવા સુંદર દંતૂશળો છે! બાળકને જેમ દાંત હોતા નથી તેમ જુવાન હાથીને દંતૂશળ હોતા નથી. જ્યારે હાથી પુખ્ત વયનો થાય છે, ત્યારે તેનાં દંતૂશળ સાત અથવા આઠ ફુટ લાંબા હોય છે. તેઓ હાથીદાંત હોય છે, અને માણસને ઘણા કીમતી હોય છે.

દુશ્મનથી પોતાની જાતનો બચાવ કરવાને માટે હાથી તેના દંતૂશળનો ઉપયોગ કરે છે. તે પોતાના દુશ્મનને પોતાના દંતૂશળની ઉપર પકડી લેવાનો પ્રયત્ન કરે છે. વાઘ પણ જો આ રીતે પકડાઈ જાય છે, તો લાચાર બની જાય છે. હાથીઓ વાઘને ધિક્કારે છે.

તેઓ જાણે છે કે જો વાઘ કુદકો મારે તો તે હાથીની સૂંઢને વળગી પડશે અને તેને ગંભીર ઈજા કરશે. તેઓને (હાથીઓને) વાઘના શિકાર માટે કેળવવામાં (તાલીમ આપવામાં) આવે છે.

હાથી તેની સૂંઢ વડે લગભગ દરેક કામ કરી શકે છે. (સૂંઢની) ટોચ ઉપર તેને એક જાતની આંગળી અને અંગુઠો હોય છે. આ આંગળી અને અંગુઠા વડે તે ટાંકણી અથવા સોય અથવા બેઆનીનો સિક્કો ઉંચકી શકે છે.

જેટલી સહેલાઈથી તે ઝાડને મૂળમાંથી ઉખેડી નાખી શકે છે, એટલીજ સહેલાઈથી તે ફૂલોને પણ ઉંચકી લઈ શકે છે. તે કુંચી ફેરવી શકે છે, (તાળું ઉઘાડી શકે છે) અથવા બારણું ઉઘાડી શકે છે.

જ્યારે હાથીને પીણું જોઈએ છે, (તરસ લાગે છે.) ત્યારે તે સૂંઢમાં પાણી ભરી લે છે. ત્યાર પછી તે તેની સૂંઢ નીચી નમાવે (વાળે) છે અને તેનાં મોઢામાં પાણી રેડે છે.

Composition.

(1) Something else about an elephant :—

(A) Elephants cannot be caught alive easily.

(B) Every elephant has a trainer, and he always obeys him.

(C)It is said that a little mosquito (મોસ્કીટો-મચ્છર) can easily kill such a big beast.

(D In old times they were used to fight against the enemies on the battle-field.

(E) Only kings and rich men keep them because they are very costly.

(F) Many valuable things are made from their ivory tusks.

(I) They are mostly found in the jungles of Burma.

(G) We can see them nicely trained in the circus

(2) Something about the tiger and the elephant :—

(A) The elephant hates the tiger.

(B) If the tiger springs upon the elephant, it tries to cling on his trunk and hurt it badly.

(3) Something about the elephant's trunk :—

He can drink with it He can wash his body by filling it with water. He can pick up a very little thing like a pin with it. He

is able to kill a man with the sweep of his trunk. He can smell with it. He always uses it to salute (to show respect) his master.

(4) What can he do with his trunk?
He can smell, drink water, and salute with his trunk.

(5) ......See question third.



Lesson 18 પાઠ ૧૮

My shadow મારો પડછાયો

Shadow (શેડો) ઓળો, પડછાયો
In and out (ઇન એન્ડ આઉટ) અહીંતહીં, અંદર-બહાર
Heels (હીલ્સ) બુટની એડી
Jump (જમ્પ) કુદવું
Funniest (ફનીએસ્ટ) રમુજી
About (એબાઉટ) ને વિષે
Way (વે) રીત
Likes (લાઇક્સ) ગમે છે.
Grow (ગ્રો) ઉગવું, વધવું
At all (એટ ઓલ) બીલકુલ
Proper (પ્રોપર) યોગ્ય વયના
Always (ઓલવેઝ) હંમેશાં
For (ફોર) કારણ કે
Sometimes (સમટાઇમ્સ) કોઈ કોઇ વાર
Shoots (શુટસ) વધી જાય છે
Taller (ટૉલર) વધારે ઉંચો
India (ઈંડીઆ) હિંદુસ્તાન
Rubber ball (રબર બૉલ) રબરનો દડો
Gets (ગેટસ) થઈ જાય છે
There's = There is
None = no one
Notion (નોશન) કલ્પના
Ought (ઑટ) જોઇએ
Make fool (મેઈક ફુલ) મૂર્ખ બનાવવું
Sort (સૉર્ટ) પ્રકાર, જાત.
Stays (સ્ટેઝ) રહે છે
Close (ક્લોઝ) પાસે, નિકટ
Beside (બીસાઇડ) નજીક

He's = He is
Coward (કાવર્ડ) બાયલો
I'd = I would
Shame (શેઇમ) શરમ
Stick (સ્ટીક) વળગી રહેવું
Nursie (નર્સી) આયા
Was up (વોઝ અપ) ઉગ્યો હતો
Rose (રોઝ) ઉઠયો Rise નો ભૂત કાળ
Shining (શાઇનીંગ) ચળકતી
Dew (ડ્યુ) ઝાકળ
Butter cnp (બટર કપ) પ્યાલાનાં આકારનું એક જાતનું ફુલ
Lazy (લેઝી) આળસુ, સુસ્ત
Arrant (એરેન્ટ) જાણીતો, બેશરમ
Sleepy (સ્લીપી) ઉંઘણસી

(૧) મને એક નાનો પડછાયો છે, જે મારી સાથે અહીં-તહીં જાય છે, (ફરે છે) (૨) અને તેનો જે ઉપયોગ થઇ શકે તે હું જોઇ શકું છું, તેના કરતા વિશેષ છે. (૩) બુટની એડીઓથી તે માથા સુધી તે બરાબર પુરેપુરી રીતે મારા જેવો (લાગે) છે; (૪) અને જ્યારે હું સુવાને મારા બીછાનામાં કુદું છું, ત્યારે હું તેને મારી પહેલાં એમાં કુદી પડતો જોઉં છું. (૫) તેને જે રીતે (નાનો-મોટો) વધવાનું ગમે છે, તે તેને માટે એક રમુજી વસ્તુ છે. (૬) યોગ્ય વયના બાળકોને (તદ્દન નાના બાળકોને) કે જે હંમેશાં બહુ ધીમા (ચાલતા) હોય છે, તેમને તે બીલકુલ ગમતો નથી (૭) કારણ કે તે કોઇ કોઇ વાર હિંદી રબરના દડાની માફક બહુજ ઉંચો વધી જાય છે (૮) અને કોઇ કોઇ વાર તે એટલો બધો નાનો બની જાય છે, કે તેનું કંઇ પણ-બીલકુલ દેખાતુંજ નથી. (તેની હસ્તીજ દેખાતી નથી.)

(૯) છોકરાઓને કેવી રીતે રમાડવા જોઇએ તેની તેને કલ્પના પણ હોતી નથી. (૧૦) અને તે દરેક બાબતમાં દરેક પ્રકારે મને કેવળ મુર્ખ બનાવે છે, (૧૧) તમે જોઇ શકો છો કે તે બાયલો છે, કેમકે તે મારી પાસે-મારી એટલો બધો નજીકમાં ને નજીકમાંજ રહે છે; (૧૨) એ પડછાયો જેમ મને વળગી રહે છે, તેમ મારી આયાને વળગી રહેતા હું ધારું છું કે મને તો શરમ લાગે !

(૧૩) એક સવારે ઘણો વહેલો, સૂરજ ઉગ્યો તે પહેલાં (૧૪) હું જાગ્યો અને પ્યાલાનાં આકારના દરેક ફુલ ઉપર ચકચકતી ઝાકળ મને માલમ પડી (૧૫) પણ મારો આળસુ નાનકડો પડછાયો, એક બેશરમ ઉંઘણસીની માફક (૧૬) મારી પાછળ ઘેર રહ્યો હતો, અને બિછાનામાં (પથારીમાં) ઘસઘસાટ ઘોરતો હતો.

Composition.

(1) He is sitting on a table.
(2) He is dressed in a half Pant and a shirt.
(3) He has a note book in his left hand.
(4) He has a pen in his right hand.
(5) He is looking at his own shadow.
(6) It is so big, because the reflection always seems big.
(7) It must be behind the boy.
(8) The change in its size depends upon the slow and fast motion of our body.



Lesson 19 પાઠ ૧૯

The letter-writer પત્ર લખનાર

Wants (વૉન્ટસ) ઇચ્છે છે.
Letter (લેટર) કાગળ
Send (સૅન્ડ) મોકલવું
Cousin (કઝીન) પીતરાઇ
Another (અનધર) બીજું
Town (ટાઉન) શહેર
Asks (આસ્કસ) પૂછે છે

Listens (લીસન્સ) ધ્યાન દઇને [સાંભળે છે.
Who (હુ) જે
Pay (પે) પૈસા આપવા
Work (વર્ક) મહેનત.
Put (પુટ) ટપકાવવું; નોંધવું.
Writes down (રાઇટસ ડાઉન) લખી નાખે છે.

આ સ્ત્રી શું કરે છે? તે પોતાના પીતરાઈ (ભાઈ કે બેન) બીજા શહેરમાં રહે છે, તેને કાગળ મોકલવા ઈચ્છે છે, પણ તે કદાપી નિશાળે (ભણવા) ગઈ નથી અને લખી શકતી નથી. તેથી તે સાદડી ઉપર બેઠેલા માણસને પોતાને માટે કાગળ લખવા કહે છે. (વિનવે છે)

કાગળ કેમ લખવો તે તે જાણે છે, અને તેથી તે કાગળ લખનાર કહેવાય છે. જે લખી શકતા નથી તેમને માટે તે કાગળો લખી આપે છે. તેની મહેનતના બદલામાં (માટે) તેઓ તેને પૈસા આપે છે.

કાગળમાં શું લખવું તે સ્ત્રી તેને કહે છે. તે ધ્યાન દઈને સાંભળે છે, અને તે બધું લખી નાખે છે.



Lesson 20 પાઠ ૨૦

A letter (એ લેટર) એક કાગળ

Letter (લેટર) કાગળ
Marine lines (મરીન લાઈન્સ) મુંબઈના એક સ્ટેશનનું નામ
November (નવેંબર) અંગ્રેજી વર્ષનો ૧૧ મો મહીનો
Birthday (બર્થડે) જન્મ દિવસ
Present (પ્રેઝન્ટ) ભેટ
Loving (લવીંગ) પ્રેમાળ
Glad (ગ્લેડ) ખુશી
Sent (સેન્ટ) મોકલી

Watch (વૉચ) ઘડીયાળ
For (ફોર) કારણ કે
One = one watch
For a long time લાંબા વખતથી
Really (રીઅલી) ખરેખર
Proud (પ્રાઉડ) મગરૂર
Nephew (નેવ્યુ) ભત્રીજો
Balak (બાલક) છોકરાનું નામ છે.

કાગળ

૭, મરીન લાઇન્સ,
મુંબઈ
૩ જી ડીસેંબર, ૧૯૩૬

મારા વહાલા કાકા,

આપના જન્મદિવસ માટેની (અંગેની મોકલાયલી) ભેટ અને આપના પ્રેમાળ પત્ર માટે આપનો ઘણો ઘણો આભાર! તમે મને ઘડિયાળ મોકલાવી તેથી હું ઘણો ખુશી થયો છું, કારણ કે લાંબા વખતથી મને એવી એક (ઘડીયાળ) જોઇતી હતી. (જરૂર હતી.)

ખરેખર એ એક સુંદર ઘડિયાળ છે, અને હું એનાથી મગરૂર છું. આપનો ફરીથી આભાર માનું છું.

આપનો પ્રેમાળ ભત્રીજો

બાલક

Lesson 21 પાઠ ૨૧

Boats sail on the rivers હોડીઓ નદીઓમાં હંકારાય છે.

Boats (બોટસ) નાની હોડીઓ	Please (પ્લીઝ) ખૂશ થવું
Ships (શીપ્સ) મોટા વહાણો	Bow (બો) મેઘ ધનુષ
Sail (સેઈલ) હંકારાય છે.	Bridges (બ્રીજીસ) પુલ બાંધે છે
Seas (સીઝ) સમુદ્રો	Heaven (હેવન) સ્વર્ગ
Clouds (ક્લાઉડઝ) વાદળાં	Overtops (ઓવરટૉપ્સ) ટોચ ઉપર આવે છે.
Acrosss (એક્રોસ) એક છેડેથી બીજે છેડે	Builds (બીલ્ડસ) બાંધે છે
Prettier (પ્રેટીઅર) વધુ સુંદર	Earth (અર્થ) પૃથ્વી
Bridges (બ્રીજીસ) પુલો	Far (ફાર) વધારે

હોડીઓ નદીઓમાં હંકારાય છે, અને વહાણો (જહાજો) સમુદ્રમાં હંકારાય છે; પણ વાદળાઓ કે જે આકાશને એક છેડેથી બીજે છેડે હંકારાય છે, તેઓ આના કરતાં બહુ વધારે સુંદર હોય છે. તમે ખુશ થઈ જાવ (તમને ગમે) એવા સુંદર પુલો (એટલે કે બહુ જ સુંદર પુલો) નદીઓ ઉપર હોય છે, પરંતુ મેઘધનુષ કે જે સ્વર્ગમાં પુલ બાંધે છે, અને ઝાડોની ટોચ ઉપર આવી (અટકી) રહે છે અને પૃથ્વી અને આકાશ વચ્ચે એક રસ્તો બાંધે છે, તે આના કરતાં બહુ જ વધારે સુંદર હોય છે.



Lesson 22 પાઠ ૨૨

The hare and the tortoise સસલું અને કાચબો

Hare (હેર) સસલું
Tortoise (ટોરટોઇઝ) કાચબો
How (હાઉ) કેવો
Slow (સ્લો) ધીમો
Think (થીન્ક) ધારવું
Beat (બીટ) હરાવવું
Race (રેઇસ) શરત, શરત મારવી
Joke (જોક) મશ્કરી
Times (ટાઇમ્સ) વાર, વખત
While (વાઇલ) દરમિઆન
Yard (યાર્ડ) વાર
Try (ટ્રાઈ) યત્ન કરવો
We'll = we will
Start (સ્ટાર્ટ) ઉપડવું
Far behind (ફાર બીહાઇન્ડ) ઘણો પાછળ
Lie down (લાઇ ડાઉન) આડા પડવું, આરામ લેવો
Nap (નેપ) ઉંઘનું ઝોકું
After a while (આફ્ટર એ વાઇલ) થોડો સમય પછી
Wakes up (વેઇક્સ અપ) જાગે છે.
Runs on (રન્સ ઓન) આગળ દોડે છે.
Towards (ટોઅર્ડ્સ) તરફ
Did reach (ડીડ રીચ) પહોંચી ગયો
Before (બીફોર) અગાઉ
Just keeping (જસ્ટ કીપીંગ) જવાનું ચાલુ રાખતાં
Steady (સ્ટેડી) સ્થિર, એક સરખું
Wins (વીન્સ) જીતે છે.

સસલું–દોસ્ત કાચબા, સવારની સલામ તું કેવો ધીમો છે!

કાચબો–દોસ્ત સસલા, સવારની સલામ. તું બહુ જલ્દીથી દોડી શકે છે, પણ હું ધારું છું કે હું તને શરતમાં હરાવી શકું.

સસલું–તું ! કેવી મશ્કરી! તું જેટલા વખતમાં (જે દરમ્યાન) એક વાર ચાલે, એટલા વખતમાં હું તારી આજુબાજુ વીસ વખત દોડી શકું.

કાચબો–આપણને યત્ન કરવા દયો. (આપણે પ્રયત્ન કરીએ) આપણે પેલા ઝાડ સુધી (દોડવાની) શરત મારીએ.

સસલું–બહુ સારૂ.

કાચબો–એક–બે–ત્રણ જાવ...(ઉપડો)

[તેઓ ઉપડે છે–શરૂઆત કરે છે.]

સસલું–કાચબો ઘણો પાછળ (પડી ગયો) છે. હું અહીંઆ જરા આરામ લઇશ, (આડો પડીશ) અને એક ઉંઘનું ઝોકું ખાઈ લઇશ.

[થોડો વખત પછી તે જાગે છે, અને ઝાડ તરફ આગળ વધે છે.]

સસલું–શું ! તું અહીંઆ ? કાચબા, તું મારી પહેલાં (અગાઉ) ઝાડ પાસે કેવી રીતે પહોંચી ગયો ?

કાચબો–તે (ઝાડ) તરફ જવાનું ચલુ રાખવાથી. ધીરા અને એક એક સરખા (ચાલનાર) શરત જીતે છે.

કહેવત: ઉતાવળા સો બાવરા...ધીરા સો ગંભીર.

Composition.

(1) Fill in the blanks :—

One *day* a tortoise was *walking* slowly *upon* a road, when a hare overtook *him*. The hare laughed at the *tortoise* because he was so *slow*, but *the* tortoise said that, though *the* hare could run *so* fast, he *could* beat *him* in a race. The hare thought this *was* a joke; but the *tortoise* was serious. So they agreed to *run* a race. The hare quickly left the *tortoise* far *behind*; and then he *lay* down to rest, and soon *began* to sleep. The tortoise *walked* steadily on; and when the *hare* woke up, *the* tortoise was near *the* winning post. The hare *ran* fast, but it was too *late*; the tortoise *won* the race.

Lesson 23 પાઠ ૨૩

What does little birdie say? નાનું પક્ષી શું કહે છે?

Birdie (બર્ડી) નાનું પક્ષી	Till (ટીલ) ત્યાં સુધી
Nest (નેસ્ટ) માળો	Baby (બેબી) બાળક
Peep of day (પીપ ઓફ ડે) સવાર થાય કે તરત	Stronger (સ્ટ્રોન્ગર) વધુ મજબુત
Rest (રેસ્ટ) આરામ કરવો	Rise (રાઈઝ) ઉઠવું; ઉગવું
Longer (લોન્ગર) વધારે લાંબો વખત સુધી	Sleep (સ્લીપ) સુઇ જવું
	Limbs (લીમ્બ્સ) અવયવો

સૂર્ય ઊગે (સવાર થાય કે તરત) કે તેણીનાં માળામાં નાનું પક્ષી શું કહે છે? તે નાનું પક્ષી કહે છે, "મા મને ઉડવા દે. મને દુર ઉડી જવા દે." નાનાં બચ્ચાં, તારી નાની પાંખો વધુ મજબુત થાય ત્યાં સુધી જરા વધારે લાંબો વખત સુધી (હજુ) તું આરામ કર. તેથી તે જરા વધુ વાર થોભી જાય છે. (આરામ લે છે) ત્યાર પછી તે દુર ઉડી જાય છે.

સવાર થાય કે તરત નાનું બાળક તેના બિછાનામાં શું કહે છે? નાના પક્ષીના બચ્ચાંની માફક બાળક કહે છે, "મને ઉઠવા દે અને દુર ચાલ્યા જવા દે." હે બાળક, તારા નાનાં (કુમળાં) અવયવો વધારે મજબુત થાય ત્યાં સુધી તું જરા વધુ વખત ઉંઘી જા. જો તે થોડી વધુ વાર નિદ્રા લેશે, તો તે બાળક પણ જરૂર દુર ઉડી જશે. (ચાલતું થઇ જશે.)



Composition.

(1) The little bird wants to fly away because it whishes to see and enjoy the beauties of nature.

(2) The mother tells it to rest a little longer because its wings are not yet so stronger.

(3) At last it flies away when its wings become strong enough to fly.

(4) The little child wants to leave home because it wishes to go out and play.

(5) Its mother wants to keep it a little longer because its little limbs are not yet strong enough.

(6) The child will leave its mother when it will grow bigger and its limbs get stronger.

Lesson 24 પાઠ ૨૪

The fisherman and his wife માછી અને તેની સ્ત્રી.

Fisherman (ફીશરમેન) માછી	Catch (કેચ) પકડવું
Hut (હટ) ઝુંપડી	Real (રીઅલ) સાચી, ખરેખરી
Sea (સી) દરીઓ	Threw (થ્રુ) ફેંકી દીધી
Net (નેટ) જાળ	Wish for (વીશ ફોર) ઇચ્છા જાહેર કરવી, માગવું
Fairy (ફેરી) પરી, દેવી.	
Let go (લેટ ગો) જવા દીધી	Cottage (કૉટેજ) રહેવાનું સાધારણ મકાન
Got (ગૉટ) ગયો	
Asked (આસ્કડ) પૂછ્યું	Forgot (ફરગોટ) ભુલી ગયો

Husband (હસબંડ) ધણી
Chance (ચાન્સ) તક
Missed (મીસ્ડ) ગુમાવ્યો
Want (વૉન્ટ) જોઇએ છે
Pretty (પ્રેટી) સુંદર
Shore (શોર) કીનારો
Called out (કોલ્ડ આઉટ) બૂમ પાડી
Swimming (સ્વીમીંગ) તરતી
Lovely (લવલી) સુંદર
Instead of (ઇન્સ્ટેડ ઓફ) ને બદલે
Home (હોમ) ઘર
Grumble (ગ્રમ્બલ) બડબડવું
Castle (કેસલ) કિલ્લો
Living (લીવીંગ) રહેતી
In one = In one castle
Found (ફાઉન્ડ) દીઠી
Standing (સ્ટેન્ડીંગ) ઉભેલી
Steps (સ્ટેપ્સ) પગથીયાં
Hope (હોપ) આશા રાખવી
A few (એ ફ્યુ) થોડા
Queen (ક્વીન) રાણી
Palace (પેલેસ) મહેલ
Next (નેક્સ્ટ) બીજી વાર
Pleased (પ્લીઝડ) ખૂશ થઈ

એક વખત એક માછી અને તેની સ્ત્રી દરિયા પાસેના એક નાનાં ઝુંપડામાં રહેતા હતા. એક દિવસ માછીએ તેની જાળમાં એક મોટી માછલી પકડી. માછલીએ કહ્યું, 'મને જવા દે હું માછલી નથી; હું એક પરી છું.'

માછી બ્હીધો અને તેણે તેને જવા દીધી. જ્યારે તે ઘેર ગયો ત્યારે તેની સ્ત્રીએ પૂછ્યું, 'આજે તમે કોઇ માછલી પકડી નહિ?' માછીએ કહ્યું, 'મેં એક પકડી હતી, પણ તે સાચી માછલી (ખરેખર) ન્હોતી. તે એક પરી હતી, તેથી મેં તેને પાછી દરિયામાં નાખી દીધી.'

તેની સ્ત્રીએ કહ્યું, 'તમે (તેને) કોઇ ચીજની ઇચ્છા જણાવી? (માગણી કરી)' તેણીના ધણીએ કહ્યું, 'ના, હું ભુલી ગયો.' તે સ્ત્રી મોટેથી બોલી ઉઠી, 'તમે કેવી સરસ તક ગુમાવી દીધી! એકદમ જાવ અને જો કદાચ તમે તે દેવી માછલીને ફરીથી મેળવી શકો તો જુઓ (તપાસ કરો).'

તેણે પૂછ્યું, 'હું તેની પાસે શું માગું?' તેની સ્ત્રીએ કહ્યું, 'તે ફરીને કહેજો, કે મને એક સુંદર રહેવાનું મકાન જોઇએ છે.' તેથી તે માછી સમુદ્ર તરફ પાછો ગયો. તે કાંઠે ઉભો અને બૂમ પાડી, 'દેવાંશી માછલી, ઓ દૈવી માછલી...'

તે માછલી તરતી તરતી કિનારે આવી. તેણે કહ્યું, 'તને શું જોઇએ છે?' તે માણસે કહ્યું, 'મારી સ્ત્રીને એક સુંદર મકાન જોઇએ છે.' માછલીએ કહ્યું, 'ઘેર જા, અને તું તેણીને ઝુંપડીને બદલે એક સુંદર મકાનમાં જોશે.' માછી ઘેર ગયો અને ત્યાં ઝુંપડાને બદલે એક સુંદર મકાન હતું.

તેની સ્ત્રીએ કહ્યું, 'શું આ સુંદર ઘર નથી?' માછીએ કહ્યું, 'આપણે હવે હંમેશને માટે સુખી થઇશું.' પણ થોડો વખત પછી તેની સ્ત્રી બડબડવા લાગી. તેણીએ કહ્યું, 'આ કેવું નાનકડું મકાન છે! જાવ, અને તે માછલીને કહો કે મને રહેવાને માટે એક કિલ્લો જોઇએ.' તેથી માછી કિનારે ગયો અને માછલીને બોલાવી.

તત્કાળ તે માછલી બહાર આવી અને કહ્યું, 'હું જાણું છું કે તારી સ્ત્રીને હવે કિલ્લો જોઇએ છે. ઘેર જા, અને તું તેણીને એવા એક કિલ્લામાં રહેતી જોશે.' તે માછી ઘેર ગયો. તેણે તેની સ્ત્રીને કિલ્લાના પગથીઆ (ઓટલા) ઉપર ઉભેલી દીઠી.

તેણે કહ્યું, 'હું આશા રાખું છું કે હવે તું સુખી થશે.' પણ થોડા મહીના પછી તેણી ફરી પાછી બડબડવા લાગી. તેણીએ કહ્યું, 'મને આ કિલ્લો ગમતો નથી. હું એક રાણી થવા અને મહેલમાં રહેવા માગું છું. (ઇચ્છું છું) જાવ અને એને માટે માછલીને પૂછો.'

માછી કિનારે ગયો અને ફરી વાર માછલીને બૂમ પાડી. માછલીએ કહ્યું, 'હજુ તેણી શું માગે છે?' (ઇચ્છે છે?) માછીએ કહ્યું, 'તેણી રાણી થવા અને એક મહેલમાં રહેવા માગે છે.'

માછલીએ કહ્યું, 'હવે બીજી વાર (ફરી વાર) તેણી (આકાશનો) ચંદ્રમા મેળવવાને માટે રડશે. ઘેર જા, અને તું તેણીને પાછી તેણીના જુના ઝુંપડામાં પાછી જોશે.' માછી ઘેર ગયો અને ત્યાં તેમના પુરાણા ઝુંપડાંમાં તેની સ્ત્રી હતી. તેણે કહ્યું, (પૂછ્યું) 'હું આશા રાખું છું, કે આખરે તું રાજી થઇ છે.' (તને સંતોષ મળ્યો છે.)

Composition.

(1) They lived in a small hut by the sea.

(2) He caught a fairy fish.

(3) The wife was never satisfied because her nature was quite greedy.

(4) She punished her for grumbling by making her as poor as she was before.

(5) Avarice is the root of all evils. અતિ લોભ તે પાપનું મૂળ – અથવા – Much wants all and loses all. લોભે લક્ષણ જાય.



Lessn 25 પાઠ ૨૫

What a bird thought પક્ષીએ શું ધાર્યું?

Lived (લીવ્ડ) રહેતું હતું	Blue (બ્લ્યુ) ભુરા
World (વર્લ્ડ) દુનિયા	Shell (શેલ) શંખ
To me (ટુ મી) મારે, મને	First (ફર્સ્ટ) પહેલી વાર
Made (મેઇડ) બનાવેલી, સરજેલી	Next (નેક્સ્ટ) બીજી વાર
Pale (પેઇલ) ફીક્કા	Nest (નેસ્ટ) માળો

Needed (નીડેડ) જરૂર હતી	Nest (નેસ્ટ) માળો
Thought (થૉટ) વિચાર્યું	Leaves (લીવ્ઝ) પાંદડાં
Straw (સ્ટ્રૉ) પરાળ, ઘાસ	At last (એટ લાસ્ટ) આખરે
Covered (કવર્ડ) ઢંકાયલી	Flew (ફ્લ્યુ) ઉડી ગઇ
Fluttered (ફ્લટર્ડ) પાંખ ફફડાવીને ઉડી ગઇ	Beyond (બીયોન્ડ) ઘણે દૂર
	Really (રીઅલી) ખરેખર

પહેલીવાર (સહુથી પ્રથમ) હું એક નાના ઘરમાં રહેતી હતી, અને ત્યાં ઘણી સારી રીતે (સુખેથી) રહેતી હતી. મારે મને દુનિયા નાની અને ગોળ હતી, અને ફીકકા (ઝાંખા) ભુરા રંગના શંખની બનાવેલી હતી !

બીજીવાર હું એક નાના માળામાં રહી. બીજા કોઇની જરૂર ન્હોતી. મેં ધાર્યું (વિચાર્યું) કે દુનિયા પરાળની બનેલી હતી, અને મારી મા વડે ઢંકાયલી હતી.

એક દિવસ મને જે કંઈ જડી શકે (જાણ થઇ શકે) તે જોવા માળામાંથી પાંખ ફફડાવીને ઉડી ગઇ. મેં કહ્યું, "દુનિયા પાંદડાની બનેલી છે. હું તો આંધળી થઇ છું."

આખરે હું ઝાડોની ઉંચે ને ઉંચે ઘણે દૂર ઉડી ગઇ અને એટલા બધા (પુષ્કળ) ભુરા રંગના આકાશને જોયું. હવે હું કહી શકતી નથી કે દુનિયા ખરેખર કેવી રીતે (શાની) બનેલી છે? તમે કહી શકો છો?

Composition.

(1) It lived first in a little house.

(2) It thought so, because it had never yet chanced to come out and see any other place or thing except its own nest.

(3) It thought so, because it had never seen any other place except it.

(4) It thought so, because when it fluttered from its nest it had chanced to find plenty of leaves everywhere.

(5) It could think nothing when it saw the sky.



Lessn 26 પાઠ ૨૬

The Dhobi's Donkey ધોબીનો ગધેડો

Behar (બીહાર) સ્થળનું નામ
Owned (ઓન્ડ) ની માલીકી ધરાવતો હતો.
Donkey (ડોન્કી) ગધેડો
Sad (સેડ) દીલગીર
Master (માસ્ટર) શેઠ, માલીક
Treat (ટ્રીટ) વર્તવું
Watch (વોચ) ધ્યાન રાખવું
Carefully (કેરફુલી) કાળજીપૂર્વક
Patted (પેટેડ) પંપાળતા
Jeauols (જેલસ) અદેખો
Secret (સીક્રેટ) ભેદ
Pleases (પ્લીઝીઝ) ખુશ કરે છે
Bark (બાર્ક) ભસવું
Dance (ડેન્સ) નાચવું
Mind (માઇન્ડ) મન
Show (શો) દેખાવ
Joy (જોય) હરખ, આનંદ
Love (લવ) પ્રેમ
Made up mind (મેઈડ અપ માઈન્ડ) નિશ્ચય કર્યો
Bray (બ્રે) ભુંકવું, બરાડવું
Loudly (લાઉડલી) મોટેથી
Kicked (કીક્ડ) લાત મારી
Heels (હીલ્સ) એડીઓ
Believe (બીલીવ) માનવું
Rushed (રસ્ડ) ધસ્યો
Reared (રીઅર્ડ) ઉભું થયું
Hind (હાઇન્ડ) પાછલા
Pawed (પૉડ) પંજા માર્યા
Fore-feet (ફોરફીટ) આગલા પગ
Of caurse (ઓફ કોર્સ) અલબત્ત

Knocked (નોકડ) પાડી નાખ્યો
Dust (ડસ્ટ) ધૂળ
Lick (લીક) ચાટવું
Time after time (ટાઇમ આફ્ટર ટાઇમ) વખતોવખત
Surely (સ્યોરલી) જરૂર
Instead of (ઇન્સ્ટેડ ઓફ) ને બદલે
Thrashing (થ્રેશીંગ) માર
Serve right (સર્વ રાઇટ) બરાબર બદલો મળવો
Nature (નેચર) કુદરત

એક વખત બીહારમાં એક ધોબી હતો, જે એક ગધેડા અને એક કુતરા બન્નેની માલીકી ધરાવતો હતો (જેની પાસે એક ગધેડો અને કુતરો બેઉ હતા) ગધેડો બહુ દીલગીર રહેતો કારણ કે તેના શેઠ જે પ્રમાણે કુતરા સાથે વર્તતા તે પ્રમાણે તેની સાથે વર્તતા નહિ.

ગધેડો પોતાનાં મનમાં બોલ્યો, "મારે કુતરા (નાં વર્તન) તરફ બહુજ સંભાળપૂર્વક નજર રાખવી જોઇએ, અને મારા શેઠ તેની સાથે દોસ્તી રાખે છે અને મારી સાથે કેમ નહી તે શોધી કાઢવું જોઇએ.

તેથી તે દરરોજ કુતરાની બહુ જ સંભાળપૂર્વક તપાસ લેવા લાગ્યો. અને દરેક વખતે તેમના શેઠ જ્યારે કુતરા સાથે બોલતા અથવા તેને થાબડતા (પંપાળતા) ત્યારે ગધેડો વધારે ને વધારે અદેખો થતો. (અદેખાઇથી બળી મરતો).

થોડા દિવસ પછી ગધેડાએ ધાર્યું કે મને એનો છુપો ભેદ માલમ પડી ગયો છે. તે સ્વગત બોલ્યો, "આપણા શેઠને શું ખૂશ કરે છે, તે હું જાણું છું કુતરાનું પોતાની તરફ કૂદવું અને ભસવું તેને ગમે છે. તેની આજુબાજુ તે નાચે અને ગેલ કરે (રમે) તે તેને ગમે છે. પોતાની બાજુમાં તે બેસે એ તેને ગમે છે.

ગધેડાએ પોતાના મનમાં તે યાદ કર્યું અને પછી કહ્યું, "જો આ બધા આનંદનો અને પ્રેમનો દેખાવ (નાટક) આપણા શેઠને ખુશ કરે છે, તો મારે પણ એજ રીતે તેને શા માટે ખૂશ કરવા ન જોઇએ ?

જો હું તેમ કરૂં તો તેઓ જેટલો કુતરાને ચાહે છે તેટલો જ મને પણ ચાહશે. ગધેડાને ખાત્રી હતી કે તે (પોતાની ધારણામાં) સાચો હતો અને જેમ કુતરો કરતો હતો તેમ કરવા તેણે નિશ્ચય કર્યો.

જ્યારે બીજી વખતે તેણે ધોબીને જોયો ત્યારે તેણે બની શકે તેટલે મોટેથી બરાડવું શરૂ કર્યું. પછી તેણે પોતાની એડીઓથી ઉંચા થઈ લાત મારી (ઓરડીઓ ઉંચે ઉછાળી) અને ધોબીની આસપાસ નાચ્યો. તે માણસ તેની આંખોએ દીઠેલો આ દેખાવ માની શક્યો નહિ.

પછી તે તેના શેઠ તરફ ધસ્યું. તેના પાછલા પગ ઉપર ઉભું થયું અને તેના આગલા પગ વડે તેને પંજા માર્યા. આથી, અલબત્ત, તે બિચારો ધોબી ધૂળમાં હડસેલાઈ પડ્યો. જેવો તે પાછો ટટાર થઈ ઉભો થવા ગયો, તેવો જ ગધેડાએ તેનું મોઢું ચાટવાનો પ્રયાસ કર્યો. તેણે વખતોવખત કુતરાને આ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરતો દીઠો હતો.

જેવો તે માણસ (ધોબી) નાસી ગયો, તેવો જ તે બરાડ્યો, "હવે નક્કી મારો શેઠ મને ચાહશે" પણ જ્યારે તે તેના હાથમાં લાકડી સાથે પાછો ફર્યો ત્યારે ગધેડાને માલમ પડ્યું કે હું ખોટો (ખોટું સમજ્યો) છું. પ્રેમને બદલે તેને સારી માર પડ્યો.

પછીથી તેણે કહ્યું, 'અરે, ઠીક! આવા મૂર્ખ બનવા માટેનો મને બરાબર બદલો મળે છે. કુદરતે (આપણને) જેને માટે બંધબેસ્તા (મુકરર) કર્યા હોય તેજ ભાગ ભજવવો (તેજ રીતે વર્તવામાં) એજ હંમેશાં ડહાપણભરેલું છે.

Composition.

(1) The donkey was sad because his master did not treat him as he treated the dog.


(2) He decided to watch the dog very carefully.

(3) He thought his master was pleased by the dog's jumping, barking, dancing and playing around him.

(4) He rushed at his master, reared up on his hind legs and pawed him with his fore-feet.

(5) He got a good thrashing from his master.

(6) It is always wiser to play the part for which Nature has fitted us.



Lesson 27 પાઠ ૨૭

The babes in the wood જંગલમાં બાળકો.

Ago (એગો) અગાઉ, ઉપર
Whose (હુઝ) જેના
Were Stolen (વેર સ્ટોલન) ચોરાઇ ગયા
Summer (સમર) ઉનાળો
Left (લેફ્ટ) છોડી દીધો
Wood (વુડ) જંગલ
I've=I have
Sad (સેડ) કરૂણ
Plight (પ્લાઇટ) હાલત
Went down (વેન્ટ ડાઉન) આથમી ગયો
Moon (મુન) ચંદ્રમા
Sobbed (સૉબ્ડ) ડુસકાં ભર્યાં
Sighed (સાઇડ) નિસાસા નાખ્યા
Bitterly (બીટરલી) છાતીફાટ
Were dead (વેર ડેડ) મરી ગયા
Robins (રૉબીન્સ) રાતી ચકલીઓ
Brought (બ્રોટ) લાવ્યા
Strawberry (સ્ટ્રૉબેરી) પીળચટા રંગના
Spread (સ્પ્રેડ) પાથર્યાં
Sang (સેન્ગ) ગાયું
Song (સોન્ગ) ગીત
Remember (રીમેમ્બર) યાદ કરવું, સંભારવું.

મારા વહાલા, તમે જાણો છો, કે ઘણા લાંબા વખત ઉપર બે ગરીબ નાનાં બાળકો કે જેનાં નામો મને ખબર નથી, તેઓ એક સુંદર ઉનાળાના દિવસે કેવી રીતે ચોરાઈ ગયા. (ઉપાડી જવામાં આવ્યા) અને લોકો કહે છે, એમ મેં સાંભળ્યું છે, કે તેમને જંગલમાં છોડી દેવામાં આવ્યા.

અને જ્યારે રાત પડી, ત્યારે તેઓની હાલત (એટલી બધી) ઘણી કરૂણ હતી. સુરજ આથમી ગયો હતો. અને ચંદ્રમા અજવાળું આપતો ન હતો. તેઓ ડુસકાં ભરતાં હતાં અને તેઓ નિસાસા નાખતા હતા, અને તેઓ છાતીફાટ મોટેથી રડતા હતા, અને તે ગરીબ નાના બચ્ચાંઓ, આડા પડયા, અને મરી ગયા.

અને જ્યારે તેઓ મરી ગયા, ત્યારે રાતી ચક્લીઓ એક જાતના પીળચટા રંગના ફૂળના પાંદડાઓ લઈ આવી, અને તેમની ઉપર પાથરી દીધા. અને આખો દિવસ સુધી તેઓએ તેમને આ ગીત ગાઇ સંભળાવ્યું.

"બિચારાં ગરીબ બાળકો... બિચારાં ગરીબ બાળકો...જંગલમાં... અને તમને યાદ નથી આવતા...તે જંગલમાંના બાળકો ?

Composition.

(1) This is a jungle.

(2) I see a Banyan tree and many Wheat and Juvar plants.

(3) They are babes who are stolen away and left here.

(4) They are sobbing and sighing.

(5) They are crying because they are stolen away and left all alone in such a dangerous place.

Lessn 28 પાઠ ૨૮ (Part I)

The three bears ત્રણ રીંછો

Together (ટુગેધર) ભેગાં
Pretty (પ્રેટી) સુંદર
Forest (ફોરેસ્ટ) જંગલ
Loud (લાઉડ) મોટો
Voice (વોઇસ) અવાજ
Order (ઓર્ડર) હુકમ
Obey (ઓબે) માનવું
Gentle (જેન્ટલ) નમ્ર
Softer (સોફ્ટર) વધારે કોમળ
Fun (ફન) ગમત, રમુજ
Joke (જોક) મજાક
Squeaky (સ્કવીકી) તીણો
Hoped (હોપ્ડ) આશા રાખતું હતું
Roar (રોર) ગર્જના કરવી
Brought (બ્રોટ) લાવી આપ્યાં
Look after (લુક આફ્ટર) દેખરેખ રાખવી
Ready (રેડી) તયાર
Thief (થીફ) ચોર
Rob (રોબ) લૂંટવું
Frighten (ફ્રાઇટન) બ્હીડાવવું
Sounded (સાઉન્ડેડ) ગાજી ઉઠયું
Fierce (ફીઅર્સ) ઘાતકી, ઝનૂની
Sniffing (સ્નીફીંગ) શ્વાસ લેતો
Followed (ફોલોડ) ની પાછળ ગઇ
Grunt (ગ્રન્ટ) ગણગણવું
Breath (બ્રેથ) વાસ
Sorts (સોર્ટ્સ) જાત
Tricks (ટ્રીક્સ) ચાલાકીઓ
A little out of breath (બ્રેથ) કાંઇક બેચેન હાલતમાં
Had to have (હેડ ટુ હેવ) લેવાનું હતું, લેવાનું ઠરાવવામાં આવ્યું હતું.

એક વખત બહુ લાંબા સમય ઉપર ત્રણ રીંછો હતા, જે જંગલમાં એક સુંદર નાના મકાનમાં ભેગાં રહેતાં હતાં. એક રીંછનો બાપ હતો. તે બીજાઓ કરતા વધારે મોટો હતો અને તેનો ઘણો મોટો ઘાંટો હતો. જ્યારે તે તેના મોટા (ભારે) અવાજથી બોલતો, "આ હુકમ છે," ત્યારે બીજાઓ સમજી લેતા કે તેઓએ તે માનવો જોઇએ.

પછી ત્યાં રીંછની મા (રીંછણ) હતી. તે રીંછ કરતા ઘણી વધારે નરમ હતી અને તેણીનો અવાજ તેના (અવાજ) કરતા વધુ કોમળ હતો.

સૌથી છેલ્લું રીંછનું બાળક હતું તે નાનું હતું અને રમુજથી ભરેલું હતું. તે દરેક વસ્તુને મજાક-મશ્કરી જેવી ધારતું હતું. તેનો અવાજ તદ્દન તીણો હતો, પણ તે આશા રાખતું હતું કે એક દિવસ તે તેના બાપની માફક મોટેથી ગર્જના કરવા (બરાડવા)ને શક્તિમાન થશે.

એક દિવસ રીંછે રીંછણને કહ્યું, "મારી વહાલી, આજનો દિવસ ઘણો સુંદર છે. સૂરજ ચકચકીત પ્રકાશેલો છે, અને છતાં ન ખમી શકાય એટલો બધો તાપ પડતો નથી. હું ધારૂં છું કે આપણે જરા ફરવા માટે જઇશું."

રીંછણે કહ્યું, "બહુ સારૂ. મારે મારા કામથી સૌથી પહેલાં પરવારી લેવું જોઇએ, અને હું ટેબલ ઉપર આપણાં દુધ અને મધ ગોઠવી દઇશ, જેથી આપણે જ્યારે પાછા ફરીએ ત્યારે બધું આપણે માટે તૈયાર હોય (રહે.)."

રીંછના બાળકે તેની માને મદદ કરી અને દુધ તથા મધને માટે ત્રણ પ્યાલાં તેને લાવી આપ્યાં. રીંછને માટે એક ઘણું મોટું પ્યાલું હતું. મોટા અવાજવાળા મોટા રીંછને મોટું પ્યાલું લેવાનું હતું. રીંછણને માટે તેનાથી વધારે નાનું પ્યાલું હતું કારણ કે તે મોટા રીંછ જેટલું કદાપી ખાઇ શકતી ન હતી, અને રીંછનાં બાળક માટે એક નાનું પ્યાલું હતું.

જ્યારે તેઓ બધા બહાર જવા માટે તૈયાર થયા, ત્યારે તે નાનાં રીંછનાં બચ્ચાંએ કહ્યું, "ઘરની દેખરેખ કોણ રાખશે?"

રીંછે કહ્યું, "કોઇ નહિ. આપણે ફક્ત બહુ થોડા વખતને માટે દૂર થઇશું, અને હું નથી ધારતો કે કોઇપણ ચોર મારાં ઘર લૂંટવાની તસ્દી લે!"

તે આ પ્રમાણે એટલા તો મોટા સાદથી બોલ્યો કે તે રીંછના બાળકે વિચાર્યું કે આખા જંગલમાંના દરેકને તેણે (તે અવાજે) ગભરાવી દીધા હોવા જોઇએ. તે (અવાજ) એટલો બધો ઝનુની રીતે ગાજી ઉઠ્યો.

તેઓ દૂર ચાલ્યા ગયા. રીંછ હવાને સુંઘતું ને શ્વાસ લેતું પોતાની તરફ આમતેમ જોતું સૌથી પહેલું ગયું. (ચાલ્યું) રીંછણ ધીમે ધીમે સ્વાસ લેતી સ્વગત ગણગણતી તેની પાછળ ચાલી. રીંછનું બાળક તમામ જાતની ચાલાકીભરી રમતો રમતું બધાથી છેલ્લું ચાલતું હતું



Lessn 29 પાઠ ૨૯ (Part II)

The three bears ત્રણ રીંછો

Started (સ્ટાર્ટેડ) ઉપડ્યા
Passed (પાસ્ડ) પસાર થઇ
Goldilocks (ગોલ્ડીલૉક્સ) સોનેરી વાળના ગુચ્છાવાળી
Colour (કલર) રંગ
Pure (પ્યોર) ચોકખું
Gate (ગેઇટ) દરવાજો
Path (પાથ) રસ્તો
Right-up (રાઇટ અપ) તદ્દન સીધી, બરાબર લગોલગ
Listened (લીસન્ડ) ધ્યાન દઇ સાંભળ્યું.
Peeped (પીપ્ડ) ડોકીયું કીધું
Feel (ફીલ) લાગવું
Hungry (હન્ગ્રી) ભૂખી
Tasted (ટેસ્ટેડ) ચાખી જોયું
Besides (બીસાઇડસ) એ ઉપરાંત
Just right (જસ્ટ રાઇટ) જોઇએ તેવું, માફકસર
Exactly (એકઝેક્ટલી) ચોક્કસ રીતે
Ate (ગેઇટ) ખાઇ ગઇ
Drank (ડ્રેન્ક) પી ગઇ
Enjoyed (એન્જોય્ડ) મોજકરી
Curled up (કર્લ્ડ અપ) આળસ ખાધું
Finihesd (ફીનીશ્ડ) પૂરૂં કર્યું
Meal (મીલ) ભોજન
Corner (કોરનર) ખુણો

Climbed (ક્લાઇમ્બ્ડ) ચઢી ગઈ
Rest (રેસ્ટ) આરામ
Comfortable (કમ્ફોરટેબલ) સુખકારક, સગવડવાળું
Got down (ગોટડાઉન) નીચે ઉતરી પડી
Opposit (ઓપોઝીટ) સામેના
Belonged (બીલોન્ગ્ડ) ની માલીકીની હતી.
Floor (ફ્લોર) પત્થરની જમીન
Mend (મેન્ડ) સમારવું
Gave way (ગેઇવ વે) ભાંગી ગઈ.
Stairs (સ્ટેર્સ) પગથીઆં
Upstairs (અપસ્ટેર્સ) ઉપરના ભાગમાં
Got off (ગોટ ઓફ) નીચે ઉતરી
Nearly (નીઅરલી) લગભગ
Smothered (સ્મોધર્ડ) ગુંગળાઇ ગઇ
Sank (સેન્ક) ડુબી ગઈ
Indeed (ઇન્ડીડ) ખરેખર

રીંછો ફરવા માટે નીકળી ચૂક્યાને થોડી મીનીટો થઇ કે એક નાની છોકરી તે ઘર આગળથી પસાર થઇ. તે 'ગોલ્ડન હેર' (સોનેરી વાળવાળી) કહેવાતી હતી અને કોઈ કોઇ વાર ગોલ્ડીલોકસ એટલે કે સોનાના જેવા વાળના ગુચ્છાવાળી, કારણ કે તેના વાળ ચોકખા સોનાના જેવા રંગના હતા. તેણે ઘર તરફ નજર કરી અને વિચાર્યું કે તે કેવું સુંદર છે! તેણે આમ તેમ કોઇને દીઠું નહિ, તેથી તે દરવાજાની અંદર પ્રવેશી અને બગીચાને રસ્તે થોડી આગળ વધી, અને આખરે તે બરાબર સીધી બારણા તરફ ચાલી ગઇ.

તેને શું જોઇતું હતું તે તેને પુછવા કોઈ આવ્યું નહિ. તેણે કાન દઇને સાંભળ્યું પણ અવાજ સરખો સાંભળી શકી નહિ. તેણીએ બારીમાંથી અંદર ડોકીયું કરી જોયું, અને આખરે તેણીએ બારણું ઉઘાડ્યું અને અંદર ગઈ.

તેણે ટેબલ ઉપર ત્રણ પ્યાલા મૂકેલા દીઠા, અને એકદમ ભૂખી થઈ હોય તેમ તેને લાગવા માંડયું. તે સહુથી પહેલાં બહુ મોટા પ્યાલા તરફ ગઇ. તેણીએ દુધ ચાખ્યું અને તે તેને ગમ્યું નહિ, કારણ કે તે પુષ્કળ (એટલું બધું) ગરમ હતું, અને એ ઉપરાંત તેણીને માટે જોઇએ તે કરતાં પણ વધારે મધ હતું.

પછી તેણી ટેબલને બીજે છેડે (ચકાવો લઇને) ગોળ ફરીને ગઇ, અને રીંછણે પોતાને માટે મૂકેલાં દુધ અને મધ ચાખ્યાં. તેણીને લાગ્યું કે તે પણ ઠંડા હતા. પછી તેણી સૌથી નાના પ્યાલા પાસે ગઈ અને જણાયું કે તેણીને માટે તે બરાબર જોઇએ તેવું હતું. તેણીને જેવું ગમતું હતું તેવું તે બરાબર હતું, તેથી તેણી એ તમામ મધ ખાઇ ગઈ અને તમામ દુધ પી ગઇ અને મજાહ ઉડાવી.

પોતાનું ખાણું ખતમ કર્યા પછી તે પોતાને આમ તેમ જોવા માંડી. એક ખુણામા એક મોટી ખુરસી મૂકેલી (પડેલી) તેણીએ જોઇ, તેથી તે તેમાં આરામ લેવાને ચઢી બેઠી, કેમકે તે થાકી ગયેલી લાગતી હતી. તે પોતાને બહુ અનુકુળ (સુખ સગવડવાળી) હોય એમ તેણીએ ધાર્યું નહિ, તેથી ફરી તે નીચે ઉતરી ગઈ અને સામેના ખુણામાં પડેલી (મૂકેલી) એક વધારે નાની ખુરસીમાં બેઠી.

આ રીંછણની ખુરસી હતી, પણ ગોલ્ડનહેરને માલમ પડયું કે તે તેણીને માટે જોઈએ તે કરતા વધારે નરમ હતી. તેણી ફરી પાછી નીચે કુદી પડી અને એક ઘણી નાની ખુરસી તેને જડી આવી, જે ખરી રીતે રીંછનાં બાળકની માલીકીની હતી. તેણી આ ખુરસીમાં બેસી ગઇ અને તે ભાંગી ગઇ, તેથી તેણી જમીન ઉપર બેઠી. તેણી ખુરસીને સમારી શકી નહિ, તેથી તે જેમ હતી તેમ પડતી મુકીને,

ઓરડામાંથી બહાર ચાલી ગઇ. થોડા પગથીઆંને નિહાળતાં તેણી તેમની ઉપર ચઢી.

તેણીને માલમ પડયું કે ઉપરને ભાગે ઘણા ઓરડાઓ હતા. પહેલા ઓરડામાં એક ઘણો મોટો પલંગ હતો. તેણી તે મોટા પલંગની અંદર ઘુસી ગઇ પણ જણાયું કે તેણીનું માથું જોઇએ તે કરતાં વધારે ઉંચું રહેતું હતું. ગોલ્ડનહેરે કહ્યું, "કેટલું બધું અગવડભર્યું !"! (પ્રતિકૂળ) અને તેણી પલંગમાંથી બહાર કૂદી પડી.

ત્યાર પછી તેણીએ એક વધારે નાનો પલંગ દીઠો. તેણી તેમાં કૂદીને ગઇ. અને તેણી એટલી બધી ડુબી ગઇ (નીચે ઉતરી ગઇ) કે લગભગ ગુંગળાઇ ગઇ. રીંછણને ખરેખર પોતાની પથારી બહુ નરમ હોય એ ગમતું હતું. ગોલ્ડનહેરે કહ્યું, "મને આ પથારીઓ ગમતી નથી." અને તેણી ફરી એકવાર બહાર કૂદી આવી.

પછી તેણીએ નાનો પલંગ શોધી કાઢયો, જે રીંછના બાળકની માલીકીનો હતો. આ તેણીને માટે બરાબર માફકસર હતો અને તેણી બહુ થાકેલી લાગતી હતી, તેથી તેણીએ પોતે આળસ ખાધું અને તરત જ ભર ઉંઘમાં પડી.



Lessn 30 પાઠ ૩૦ મો (Part III)

The three bears ત્રણ રીંછો

Walk (વોક) ચાલવાની સહેલ
Best of tempers (બેસ્ટ ઑફ ટેમ્પર્સ) સ્વસ્થ મગજ
Fly (ફ્લાઇ) માખી
Had stung (હેડ સ્ટન્ગ) કરડી હતી
Straight (સ્ટ્રેઇટ) સીધો
Cushions (કુશન્સ) ગાદીઓ
Particular (પર્ટીકયુલર) ચોક્કસ
Somebody (સમબડી) કોઇક
Roared (રોર્ડ) બરાડી ઉઠ્યો
Nonsense (નાનસેન્સ) નકામું
Next (નેક્સ્ટ) બીજી
Crushed (ક્રશ્ડ) દબાવી દીધી, બેસાડી દીધી
Though (ધો) જોકે
Believe (બીલીવ) માનવું
Annoying (એનોઇંગ) મુઝવતું, ખીજવતું
Grunt (ગ્રન્ટ) નસકોરાંનો અવાજ
Drew (ડ્રયુ) ખેંચી
Surprise (સર પ્રાઇઝ) અજાયબી
Spoon (સ્પુન) ચમચો
Sobbeb (સોબ્ડ) ડુસકાં ભર્યાં
Led (લેડ) દોરી લઇ ગયા
Mischief (મીસચીફ) મસ્તી
Hadf orgotten (હેડ ફરગોટન) ભૂલી ગઈ હતી
Pillows (પીલોઝ) તકીઆ
Angry (એન્ગ્રી) ગુસ્સાભર્યા
Hated (હેઇટેડ) ધિક્કારતી હતી
Touch (ટચ) અડકવું
Suddenly (સડનલી) એકાએક
Excitement (એકસાઇટમેન્ટ) આવેશ, ઉશ્કેરણી [ભૂત કાળ
Woke (વોક) જગાડી Wake નો
Frightened (ફ્રાઇટન્ડ) બ્હીધી
Luckily (લકીલી) સારે નસીબે
Guessed (ગેસ્ડ) અટકળ કરી; અનુમાન કર્યું
Family (ફેમીલી) કુટુંબ
Reached (રીચ્ડ) પહોંચી ગયું
Nearly (નીઅરલી) લગભગ
Forest (ફોરેસ્ટ) જંગલ
All the way (ઑલ ધી વે) આખે રસ્તે

ગોલ્ડનહેરે સુઇ જવાને માટે પોતાની જાતને સુખભરી રીતે પથારીમાં ગોઠવી દીધા પછી ઘણો નજીવો સમય થયો એટલામાં પેલા ત્રણુ રીંછો તેમની સહેલગાહેથી પાછા આવ્યાં. રીંછ ખુશ મિજાજમાં (સ્વસ્થ ચિત્તનું) ન હતું. તેને નાક ઉપર એક માખી ડંખી હતી. તે સીધું પોતાની મોટી ખુરસી પાસે ગયું. તે તરતજ પાછું ઉભું થઇ ગયું કારણુ કે તેને જણાયું કે (તેમાંની) ગાદીઓ બરાબર ન્હોતી તે પોતાની ગાદીઓને માટે બહુજ ચોક્કસ હતું.

તે પોતાના મોટા ભારેખમ અવાજમાં ગરજી ઉઠયું. "કોઇક મારી ખુરસીમાં બેસી ગયેલું છે."

રીંછણુ જેવી પોતાની ખુરસીમાં બેઠી તેવી બોલી ઉઠી, "નકામું" બીજીજ મીનીટે તે પણુ પાછી ઉભી થઇ ગઇ, કેમકે તેની ગાદીઓ તમામ દબાવી દીધા (કચડી નાખી) હતી. અને તેને તે બહુજ (અગવડભરી) દુઃખદાયક લાગી.

"મારી ખુરસીમાં (પણુ) કોઇ બેસી ગએલું છે." તેણીએ આવી વાત પોતે માની શકતી ન હોય તેમ કહ્યું.

રીંછ અને રીંછણુ કંઇ વધારે કહી શકે તે પહેલાં રીંછનું બાળક તેના તીણી અવાજમાં બોલી ઉઠયું, "કોઇક મારી ખુરસીમાં બેસી ગએલું છે, અને તેને ભાંગી નાખી છે."

રીંછણે કહ્યું, "આ બહુ મઝવણુમાં મુકે એવું છે." પણુ રીંછે નસકોરાનો અવાજ કરતા પોતાની ખુરસી ટેબલ તરફ ખેંચી કેમકે તે ભૂખ્યો થયો હતો. તેની અજાયબીમાં તેને માલમ પડયું કે તેનો ચમચો તેના દુધ અને મધમાં હતો.

તે ગરજી ઉઠયો, "કોઇક મારૂં દુધ અને મધ ખાઇ ગએલું છે."

રીંછણુ બોલી ઉઠી, "કોઇક મારૂં પણુ દુધ અને મધ ખાઇ ગએલું છે." અને તેણીએ રીંછ તરફ જોયું કે હવે તે એ સંબંધી શું કરવા માગે છે. (એ સંબંધમાં તેનો શું કરવાનો વિચાર છે.)

નાનું રીંછનું બાળક રડવા લાગ્યું. તે ડુસકાં ભરતું બોલ્યું, કોઈક મારું દુધ અને મધ ખાઈ ગએલું છે, અને તેણે તે તમામ ાઇ નાખ્યું છે." રીંછનાં બચ્ચાની માએ કહ્યું, "એવું તે કોણ ાવી ગયું હશે ?

રીંછ કંઇ બોલ્યો નહિ, પણ તેને ઉપરના ભાગને રસ્તે દોરી ગયો. જ્યારે તેઓ તેમના ઘરથી દૂર ગયા હતા, ત્યારે બીજી ી મસ્તી કરવામાં આવી હતી, તે તે તપાસવા (જોવા) માગતો હતો.

રીંછ મોટેથી બરાડી ઉઠ્યો, "કોઇક મારી પથારીમાં સુઈ ગયેલું " કેમકે ગોલ્ડનહેર ફરી પાછા તકીઆઓ સીધા મુકી દેવા ોઠવવા) તદ્દન ભુલી ગઇ હતી. રીંછણ બહુજ ગુસ્સાભરેલા અવાજે ી, "કોઇક મારી પથારીમાં (પણ) સુઇ ગયેલું છે," કેમકે તે ી પથારીને જે કોઈ અડકે તેને ધિક્કારતી હતી.

એકાએક નાનું રીંછ પોતાનાથી બની શકે એટલી જોરથી ચીસ ડી ઉઠ્યું, "કોઇક મારી પથારીમાં સુઇ ગયેલું છે, અને તે આ રહી..."

તે ઉશ્કેરણીમાં આવીને એવું તો મોટેથી ચીસ પાડી ઉઠ્યું, કે ે ગોલ્ડનહેરને જગાડી મૂકી.

તેણીએ એકાએક તેની આંખો ઉઘાડી અને પોતાની અને રણાની વચ્ચે ઓરડામાં ત્રણ રીંછોને ઉભેલા દીઠા. તેણી ઘણી બ્હીધી.

તેના સારે નસીબે રીંછના બાળકનો પલંગ બારીની પાસે હતો, જે ઉઘાડી હતી. તેણી શું કરવાનો પ્રયાસ કરે છે, એની તે ત્રણે કે ધારણા બાંધે તે પહેલાં તેણી પથારીમાંથી કુદી અને બારીમાંથી ાર નીકળી ગઇ.

રીંછનું કુટુંબ બારીની પાસે પહોંચી ગયું તે દરમ્યાન તેણી ાજાની બહાર નીકળી ગઈ અને લગભગ જંગલમાં પહોંચી ગઇ ા. તે ઘરને આખે રસ્તે બહુ ઝડપથી દોડી હતી, અને તે પછી કદાપી પણ તેણી તે ત્રણ રીંછોના ઘર તરફ ગઈ નહિ.

Lessn 31 પાઠ ૩૧

Bedi and the pots બેડી અને વાસણો

Spent (સ્પેન્ટ) ગાળતો હતો.
Dreaming (ડ્રીમીંગ) ખ્યાલ કરવામાં
Instead of (ઇન્સ્ટેડ ઓફ) ને બદલે
Easily (ઇઝીલી) સહેલાઇથી
Person (પરસન) વ્યકિત
Foolish (ફુલીશ) મૂર્ખ
Potter (પૉટર) કુંભાર
Rest (રેસ્ટ) આરામ લેવો
Dish (ડીશ) રકાબી
Flour (ફ્લોર) લોટ
Beside (બીસાઇડ) પાસે
Made up mind (મેઇડ અપ માઇન્ડ) નિશ્ચય કર્યો
Shape (શેઇપ) આકાર
Liked (લાઇકડ) ગમતો હતો.
Best (બેસ્ટ) સૌથી
Price (પ્રાઇસ) કિંમત
Cheap (ચીપ) સસ્તાં
As usual (એઝ યુઝવલ) હંમેશ મુજબ
Of course (ઓફ કોર્સ) અલબત
Buy (બાઇ) ખરીદવું
Happy (હેપી) સુખી
Tired (ટાયર્ડ) કંટાળી ગયો
Went on (વેન્ટ ઓન) ચાલુ રાખ્યું
Paid (પેઇડ) પૈસા આપ્યા
Clothes (ક્લોધ્ઝ) સીવેલા કપડા
Had chosen (હેડ ચોઝન) પસંદ કર્યું હતું.
Else (એલ્સ) બીજું
Pleased (પ્લીઝડ) ખુશ થયો
Idea (આઇડીઆ) વિચાર
Mind (માઇન્ડ) મન
Gaining (ગેઇનીંગ) નફો મેળવતા
Worth (વર્થ) કીંમતના
Excited (એકસાઇટેડ) ઉશ્કેરાઇ ગયો
Suddenly (સડનલી) એકાએક
Marry (મેરી) પરણવું
Wives (વાઇવ્ઝ) બૈરીઓ
Quarrel (કવોરલ) લડવું
Punish (પનીશ) શિક્ષા કરવી
Seized (સીઝડ) પકડી લીધી.
Waved (વેઇવ્ડ) વીંઝી, ફેરવી.
Brought (બ્રોટ) લાવ્યો

Terrible (ટેરીબલ) ભયંકર
Smashing (સ્મેશીંગ) ચુરેચુરા થતા.
Own (ઓન) પોતાની
Upset (અપ સેટ) ઉંધો વળ્યો
Dirt (ડર્ટ) કચરો
Dust (ડસ્ટ) ધૂળ
Vessels (વેસલ્સ) વાસણો
Got into trouble (ટ્રબલ) સંડોવાઇ ગયો, મુશ્કેલીમાં મૂકાયો.
Indeed (ઇનડીડ) ખરેખર
Scolded (સ્કોલ્ડેડ) ગાળો દીધી
Hard (હાર્ડ) સખત
Earn (અર્ન) કમાવું

બેડી નામનો એક માણસ તેને જે કરવાને ગમે તે તમામ ચીજો તાત્કાળીક કરી નાખવાની હોય તો પણ તેમને કરવાને બદલે તેમની ઉપર વિચાર કર્યા કરવામાંજ પોતાનો ઘણોખરો વખત ગાળતો (વીતાડતો) હતો.

તમે સહેલાઇથી જોઇ શકશો કે જે વ્યક્તિએ એમ કીધું તે ઘણીજ મૂર્ખ હતી.

એક દિવસ બેડી તેનો એક મિત્ર જે કુંભાર હતો તેની દુકાનમાં ગયો, અને આરામ લેવાને ત્યાં જમીન ઉપર આડો પડયો. તેની પાસે એક લાંબી લાકડી અને એક નાની રકાબી હતી, જેમાં તેને આપવામાં આવેલો થોડો લોટ હતો. તેણે તે લાકડી અને રકાબી જમીન ઉપર પોતાની પાસે મૂકયાં. તે ગરમાનો દીવસ હતો અને બેડી દુકાનમાં આરામ લેવા રાજી હતો.

તેણે પોતાની આજુબાજુના વાસણો તરફ નજર નાખી, અને પોતાને કયો ઘાટ (આકાર) સૌથી વધારે ગમતો હતો તેનો નિર્ણય કર્યો. તેણે તેમની કીંમત પૂછી અને તેને જણાયું કે થોડીક (ચીજો) ઘણી સસ્તી છે.

પછી હંમેશ મુજબ તેણે તર્કવિતર્ક કરવા માંડયો, અને ધાર્યું કે મને થોડાં વાસણો ખરીદવા ગમે છે પણ મારી પાસે પૈસા નથી.

તેણે આ સંબંધી લાંબો વખત સુધી વિચાર કર્યો અને પછી તેણે પોતાની લોટવાળી રકાબીને નિહાળી.

તે સ્વગત બોલ્યો, "અલબત્ત, હું આ લોટ વેચી નાખીશ અને તેના જે પૈસા મળશે, તેમાંથી થોડા વાસણો ખરીદી શકીશ."

આ વિચારે તેને લાંબો વખત સુધી સુખી બનાવ્યો, અને જ્યાં સુધી તે વાસણોથી (વાસણોના વિચારથી) કંટાળ્યો નહિ, ત્યાં સુધી તેણે એનો વિચાર કરવાનું ચાલુ રાખ્યું.

તે સ્વગત બોલ્યો, "હું વાસણો વેચી નાખીશ, અને હું તેમના જે પૈસા આપ્યા હશે તેનાથી વધારે કીંમતે તેમને વેચીશ, અને પછી હું થોડા કપડાં ખરીદીશ."

પોતે જે કપડાં ખરીદવાનો હતો તેનો વિચાર કરતો તે લાંબો સમય સુધી આડો પડ્યો. (આરામ કરતો રહ્યો) અને પોતાનો નિર્ણય કરતા તેને ઘણો લાંબો વખત લાગ્યો. આખરે તેને સૌથી વધુ સરસ જે ગમ્યું તે તેણે પસંદ કીધું હતું.

"અલબત્ત, જે મારે કરવુંજ જોઇએ, તે એ છે કે આ કપડાંઓને તેમને માટે જે પૈસા મેં આપ્યા હોય તેનાથી વધારે કીંમતે વેચવાં અને બીજી કોઇક વસ્તુ ખરીદવી."

તે આ વિચારથી ઘણો ખુશ થયો અને તેનાં મનમાં તેણે ખરીદવાનું અને વેચવાનું અને પૈસા કમાવાનું ચાલુ રાખ્યું. તેને લાગ્યું કે બહુજ ટુંક સમયમાં હું લાખો રૂપીયાનો માલીક બની ગયો છું. તે પોતાના પૈસા સંબંધી તદ્દન ઉશ્કેરાઇ (આવેશમાં આવી) જવા માંડ્યો અને એકાએક એમ કહેતો ટટાર થઇને બેઠો.

"પછી હું એક ઘર ખરીદીશ અને લગન કરીશ. અને જો મારી બૈરીઓ લડશે, તો હું મારી લાકડી આ પ્રમાણે ઉચકીશ અને આમ તેમને બધાને શિક્ષા કરીશ."

જેવો તે આ વાતોનો વિચાર કરતો હતો, તેવીજ તેણે તેની લાકડી ઉઠાવી લીધી અને તેને હવામાં વીંઝી, (ઘુમાવી) અને જેવો

તે તેને નીચે લાવ્યો, તેવોજ વાસણોના ચુરેચુરા થવાનો એક ભયાનક અવાજ થયો. તેણે તેની પોતાની રકાબી ભાંગી નાખી હતી, અને તેમાંનો લોટ કચરા ને ધૂળમાં ઉંધો વળ્યો હતો; અને તેણે ફક્ત તેની પોતાની રકાબીજ ભાંગી નાખી ન્હોતી, કિન્તુ કુંભારના પણ ઘણા વાસણો ભાંગી નાખ્યાં હતાં. તેને લીધે તે મોટી મુશ્કેલીમાં આવી પડયો કારણ કે કુંભાર ખરેખર ઘણો ગુસ્સે થયો હતો.

બેડીએ પોતે શું વિચાર કરી રહ્યો હતો, તે તેને કહ્યું, પણ કુંભારે તેમ તેને કેવળ વધુ ગાળો દીધી અને કહ્યું કે તેં જે વાસણો ભાંગી નાખ્યા છે તેની કીંમત તારે ભરી આપવી પડશે.

તેથી બેડીને તે સંબંધી (પૈસા કમાવાનો) વિચાર કરવાને પૈસા કમાવા માટે સખત મહેનત કરવી પડી.

Composition.

Once there was a man named Bedi. He spent his time in dreaming for many good things to do, but never did anything.

One day when he was lying down in his potter friend's shop, he got an idea about the flour in his dish which was placeed beside him. He went on dreaming about it. He settled in his mind to sell the flour and buy pots from its sale. Then, he would sell the pots and buy some clothes. After selling clothes at a good profit he thought he would buy something else. In this way in his mind he went on buying and selling and gaining so much money that he thought himself to be a rich man. Then he thought he would buy a house and marry many women. When they would quarrel I will punish them like this."

Thus simply in dreaming he was so excited that he really seized the stick from the ground and waved it up and down in the air. He was scolded by the potter and made to pay for the damage he had done to the useful things of the potter.



Lesson 35 પાઠ ૩૫

A conversation એક વાતચીત

Hallow (હેલો) અહો !
See (સી) મળવું
Please (પ્લીઝ) આનંદ ઉપજવો, ખુશ થવું
To be away (ટુ બી અવે) બહારગામ હોવું
Enjoyed (એન્જોય્ડ) મોજ કરી
Thank (થેન્ક) આભાર માનવો
Splendid (સ્પેલ્નડીડ) સુંદર
Holiday (હોલીડે) તહેવાર
Stay (સ્ટે)ની સાથે રહેવું
Cooler (કુલર) વધુ ઠંડક
Journey (જર્ની) મુસાફરી
Pleasant (પ્લેઝન્ટ) ખુશકારક
A lot (લૅાટ) પુષ્કળ
Views (વ્યુઝ) દેખાવો
Especially (એસ્પેશીઅલી) ખાસ કરીને

Water falls (વોટર ફાલ્સ) પાણીના ધોધ
A number of (એ નમ્બર ઓફ) સંખ્યાબંધ
Fever (ફીવર) તાવ
Lately (લેઈટલી) તાજેતરમાં
Study (સ્ટડી) અભ્યાસ કરવો
Hard (હાર્ડ) સખ્ત
Examination (એક્ઝામીનેશન) પરીક્ષા
Next (નેક્સ્ટ) આવતે
Get through (ગેટ થ્રુ) ફતેહમંદ નીવડવું; પસાર થવું
Hurry (હરી) ઉતાવળ કરવી
Keep (કીપ) રોકવું, ખોટી કરવું
Perhaps (પરહેપ્સ) કદાચ
Good-bye (ગુડ બાઈ) નમસ્તે

હરિઃ—અહો ! હું કૃષ્ણને ત્યાં આગળ જોઇ શકું છું. મારે એની પાસે જઇને વાત કરવી જોઈએ. સવારની સલામ કૃષ્ણ !

કૃષ્ણઃ—સવારની સલામ ! કેમ છો ?

હરિઃ—તમને મળવાથી મને કેટલો આનંદ ઉપજે છે ! (હું કેટલો ખુશ થાઉં છું) કેટલા લાંબા વખત પછી આપણે મળીએ છીએ !

કૃષ્ણઃ—હા, હું બહારગામ હતો.

હરિઃ—હું આશા રાખું છું કે તમે મોજ કરી હશે.

કૃષ્ણઃ—તમારો આભાર માનું છું. મને મજાનો તહેવાર મળ્યો હતો.

હરિઃ—સારૂ, તમે કયાં ગયા હતા ?

કૃષ્ણઃ—હું મારા કાકાની સાથે રહેવા પૂના ગયો હતો.

હરિઃ—ત્યાં ઘણું મજાનું હશે. (ગમ્મત પડતી હશે)

કૃષ્ણઃ—હા, મુંબઈ કરતાં ત્યાં ઘણી વધારે ઠંડક હતી.

હરિઃ—મુંબાઈથી પૂના જવું મને ગમે છે. મુસાફરીની ખુશકારક (આનંદદાયક) છે.

કૃષ્ણઃ—આગગાડી ઘાટ ઉપર થઈને પસાર થતી હોય ત્યારે પુષ્કળ જોવાનું હોય છે.

હરિઃ—ખાસ કરીને વરસાદના (દહાડા) માં તમને ઘણાં ફાંકડાં દશ્યો જોવાનાં મળે છે.

કૃષ્ણઃ—મેં સંખ્યાબંધ પાણીના ધોધ જોયા.

હરિઃ—મને આશા છે કે તમારા કાકા મજામાં હશે.

કૃષ્ણઃ—તેને થોડોક તાવ આવ્યો હતો, પણ ખાસ કાંઇ કહેવા જેવું નથી.

હરિઃ—હવે તેમને (વધુ) ઠીક છે ને ?

કૃષ્ણઃ—અરે. હા, ઉપકાર. તમે હમણા (અત્યારે) શું કર્યા કરો છો ? (તમારો વખત કેમ પસાર કરો છો ?)

હરિઃ—હું સખ્ત અભ્યાસ કર્યા કરૂં છું. આવતે મહિને મારી પરીક્ષા છે.

કૃષ્ણઃ—હું આશા રાખું છું કે તમે ફતેહમંદ નિવડશો. તમે અત્યારે ક્યાં જાઓ છો ?

હરિઃ—હું અત્યારે હાઇસ્કૂલ જાઉં છું. મારે વળી ઉતાવળ કરવી જોઇએ, નહિ તો મોડો પડું.

કૃષ્ણઃ—મારે તમને વધારે ખોટી કરવા ન જોઇએ. કદાચ આપણે પાછા જલદી મળીશું. નમસ્તે (સલામ.)

Composition.

Rama-Hallo! Govind! Where were you so long?

Govind-I had been to my uncle's.

Rama-Where did you go?

Govind-I went to Bombay.

Rama-It must have been nice up there.

Govind-Oh yes! There is quite a lot to see in Bombay.

Rama-What did you see in Bombay?

Govind-Fine buildings, splendid roads, electric trams and trains, lifts in big mansions, steamers near the docks and quite a lot of such other things.

Rama-Oh! How nice! I should like to be there. I would spend my Christmas holidays in Bombay next time.



Lesson 36 પાઠ ૩૬

Persevere (પર્સીવીર) ખંત રાખવી

Drive (ડ્રાઇવ) હાંકવું
Nail (નેઇલ) નખ; ખીલી
Aright (એરાઇટ) બરાબર
Hit (હીટ) મારવું
Strike (સ્ટ્રાઇક) મારવું
Might (માઇટ) બળ; શક્તિ
While (વાઇલ) જ્યારે
Iron's=Iron is
You've=you have
Will (વીલ) મરજી, ઇચ્છા
Top (ટૉપ) ટોચ, મથાળું
Climb (ક્લાઇમ્બ) ચઢવું

At the foot (એટ ધી ફુટ) પગ આગળ, નીચે, તળીએ
Gazing (ગેઇઝીંગ) ધારી ધારીને જોતાં
Get up (ગેટ અપ) ઉપર ચઢવું
Though (ધો) જો કે
Stumble (સ્ટમ્બલ) ઠોકર ખાવી
Oft (ઓફ્ટ) વારંવાર
Down cast (ડાઉન કાસ્ટ) ઉદાસીન
You'll=you will [પામવું
Succeed (સકસીડ) ફત્તેહ

છોકરાઓ ખીલી બરાબર ઠોકો. તેના માથા ઉપર ઘા મારો. (છોકરાઓ, જે કંઇ કામ કરો તે બરાબર આબાદ લાગુ પડે તેમ કરો.) છોકરાઓ, જ્યારે લોખંડ લાલ (ગરમ હોય ત્યારે તમારા સઘળા બળથી તેને (ઘા) મારો. (જોઇએ એવો ઘાટ ઘડી લ્યો.)

છોકરાઓ. જ્યારે તમને કોઇ કામ કરવાનું હોય ત્યારે તમે તે મરજીથી (પરાણે-વેઠ તરીકે નહિ) કરો. છોકરાઓ, જેઓ ઠેઠ ટોચે પહોંચવા માગે છે, તેમણે પહેલાં ટેકરી ઉપર ચઢવું જોઇએ.

નીચે તળીઆ પાસે ઉભા રહીને હે છોકરાઓ, આકાશ તરફ ધારી ધારીને તમે જોયા કરો છો. છોકરાઓ, જો તમે ચઢવાને પ્રયત્નજ કદી નહિ કરો તો તમે કેવી રીતે ઉંચે ચઢી શકશો?

છોકરાઓ, જો કે તમે વારંવાર ઠોકર ખાવ, (પછડાવ) તો પણ કદી ઉદાસીન (નાસીપાસ) થતા નહિ. છોકરાઓ, તમે ફરી ને ફરી પ્રયત્ન કરતા રહેજો અને આખરે તમે ફત્તેહ પામશો.

Lesson 37 પાઠ ૩૭

Windows બારીઓ

Still (સ્ટીલ) શાન્ત
Move (મુવ) હાલવું
Feel (ફીલ) લાગવું, માલમ પડવું
Wind (વીન્ડ) પવન
Blow (બ્લો) વાવું–ફુંકાવું
Room (રૂમ) ઓરડો
Even (ઇવન) પણ
Upword (અપવર્ડ) ઉંચે
Leave (લીવ) છોડી દેવું,
Space (સ્પેઇસ) ખાલી જગ્યા
Below (બીલો) નીચે
Colder (કોલ્ડર) વધારે ઠંડી
Should (શુડ) be હોવી જોઇએ
Air (એર) હવા
Pass out (પાસ આઉટ) બહાર નીકળવું
High up (હાઇ અપ) ઘણે ઉંચે
Low down (લો ડાઉન) ઘણે નીચે
Fresh (ફ્રેશ) તાજી
Buildings (બીલ્ડીંગ્સ) મકાનો
Holes (હોલ્સ) બાકાં
Motto (મોટો) મુદ્રાલેખ
Protect (પ્રોટેક્ટ) રક્ષણ કરવું
Walls (વૉલ્સ) દિવાલો
Has been breathed (હેઝ બીન બ્રીધ્ડ) શ્વાસ લેવાય છે
Bodies (બોડીઝ) શરીરો
Rise up (રાઇઝ અપ) ઉંચે ચઢવું
Indeed (ઇનડીડ) ખરેખર
Wish (વીશ) ઇચ્છા હોવી
Out of doors (આઉટ ઓફ ડોર્સ) ઘર બહાર
Indoors (ઇનડૉર્સ) ઘરમાં
Keep (કીપ) રાખવું
Plan (પ્લેન) યોજના
Has been built (હેઝ બીન બીલ્ટ) બંધાયું હોય છે
Placed (પ્લેઇસ્ડ) મૂકાયલાં
Straight (સ્ટ્રેઇટ) સીધી
Through (થ્રુ) માં થઇને
Pure (પ્યોર) ચોકખી
Need (નીડ) ની જરૂર હોવી
Harmful (હાર્મફુલ) હાનીકારક
Think (થીંક) માને છે
Close (ક્લોઝ) બંધ કરવું
Sometimes (સમટાઇમ્સ) કેટલીક વાર
Cover up (કવર અપ) ઢાંકી દેવું

Health (હેલ્થ) તંદુરસ્તી	Illness (ઇલનેસ) માંદગી
Long life (લોંગ લાઇફ) લાંબી જીંદગી	Warmly (વોર્મલી) ગરમાટાથી
	Chilled (ચીલ્ડ) શરદીથી ભરેલું

હવા હંમેશાં ગતિમાન છે, તે તમે જાણો છો? દરિયાની માફક તે પણ કદી સ્થિર હોતી નથી. જ્યારે તે જલ્દી ગતિમાન થાય છે, ત્યારે આપણને તેની ગતિ માલમ પડે છે. (નો અનુભવ થાય છે.) અને આપણે કહીએ છીએ કે પવન વાય છે.

જો કે પવન વાતો હોતો નથી તો પણ ઓરડામાં હવા હંમેશાં ગતિમાન રહે છે. જ્યારે હવા ગરમ હોય છે, ત્યારે તે ઉંચે ચઢે છે. જ્યારે તે આમ કરે છે, ત્યારે જો વધારે ઠંડી હવા તેની જગ્યા ન લે તો તે પોતાની નીચે ખાલી જગ્યા રહેવા દે છે.

દરેક ઓરડામાં બહુ ઉંચે એવી જગ્યા હોવી જોઇએ કે જ્યાંથી ગરમ હવા બહાર નીકળી જાય. ઘણા નીચાણમાં એવી જગ્યા પણ હોવી જોઇએ કે જ્યાં તાજી ઠંડી હવા અંદર પ્રવેશી શકે

ઘણાં ઘરો, નિશાળો અને બીજા મકાનોમાં–દીવાલોમાં ઘણે ઉંચે આપણે બાકાં અથવા નાની બારીઓ જોઇએ છીએ.

જે હવા આપણે શ્વાસમાં લીધી હોય છે, તે ખરાબ હવા છે. આપણાં શરીરોમાંથી તે ગરમ નીકળતી (આવતી) હોવાથી, તે ઉંચે ચઢે છે. જો ઓરડામાં તે બહાર નીકળી જઈ શકે નહિ તો આપણે ફરી તેને શ્વાસમાં લઇએ છીએ. આપણે માટે ખરેખર આ ઘણું નુકસાનકારક છે.

જો લોકો મજબૂત અને તંદુરસ્ત રહેવા ઇચ્છતા હોય, તો તેમણે હંમેશાં તાજી હવા શ્વાસમાં લેવી જોઇએ. આપણે હંમેશાં ઘરની બહાર ન રહી શકીએ, પણ આપણે જ્યારે ઘરની અંદર હોઇએ, ત્યારે આપણે આપણી બારીઓ ઉઘાડી રાખી શકીએ.

સારી યોજના મુજબ જે મકાન બંધાયું હોય છે, તેને ઘણી બારીઓ હોય છે. ઓરડાની એકજ બાજુએ બધી બારીઓ રાખવી એ ઠીક નથી.

દરેક ઓરડાની બેઉ (બે) બાજુએ બારીઓ હોવી જોઇએ બારણાં એવી રીતે મુકાવાં જોઇએ કે જ્યારે બારીઓ અને બારણાં ખુલ્લાં હોય, ત્યારે ઘરમાં થઇને તાજી હવા સીધી વાઇ શકે.

આપણે ફક્ત જ્યાં તાજી હવા શ્વાસમાં લઈ શકીએ તેવીજ જગ્યાએ કામ કરવું અને રમવું જોઇએ એટલુંજ નહિ પણ જ્યાં બધો વખત તાજી હવા શ્વાસોચ્છ્વાસમાં લઈ શકીએ, ત્યાંજ આપણે સૂવું પણ જોઇએ.

રાત્રીની ચોકખી હવા પણ દિવસની હવા જેટલીજ સારી અને ચોકખી હોય છે. કેટલાક લોક એમ માને છે કે રાત્રીની હવા હાનિકારક હોય છે. તેઓ પોતાનાં તમામ બારણાં અને બારીઓ બંધ રાખે છે. કોઈ કોઈ વાર તેઓ પોતાના માથાં સુદ્ધાં ઢાંકી દે છે, અને પછી તેઓ આખી રાત ખરાબ હવા શ્વાસમાં લે છે.

જે લોકો આમ કરે છે, તેમને કદી સારી તંદુરસ્તી અને લાંબી જીંદગી (આયુષ્ય) મળી શકતી નથી. ઘણી (વારંવારની) વધારે પડતી માંદગીનું એ કારણ નીવડે છે.

આપણે આપણાં શરીરો રાત્રે ગરમાટાથી (ગરમ કપડાંથી) ઢાંકવાં જોઇએ, જેથી કરીને તેમને શરદી લાગે નહિ. આપણાં શરીરોને ઢાંકયા વગર તેમના પર આખી રાત ઠંડી હવા વાવા દેવી એ ખોટું છે.

આપણે આપણાં માથાંઓને પણ ઢાંકી દેવાં ન જોઇએ. આપણને એમ કરવાની જરૂર હોતી નથી. ના. આપણે આપણાં શરીરોનું રક્ષણ કરીએ છીએ કે જેથી કરીને તેઓ ઠંડા થઈ જાય નહિ (ટાઢ લાગે નહિ) પણ પછી આપણે આપણાથી બની શકે તેટલી તાજી હવા આવવા દઇએ છીએ.

એક સુંદર મુદ્રાલેખ છે કે :—

તમારી બારીઓ ઉઘાડો અને મોઢાં બંધ કરો.

Lesson 38 પાઠ ૩૮ (Part I)

Little Red Riding Hood નાની લાલ રાઇડીંગ હુડ

Called (કૉલ્ડ) નામની
Village (વીલેજ) ગામડું
Cottage (કોટેજ) ઝુંપડી
Lonely (લોન્લી) એકલા
Grand mother (ગ્રાન્ડમધર) દાદી
Dwelt (ડ્વેલ્ટ) રહેતી હતી
Dearly (ડીઅરલી) વ્હાલથી
Loved (લવ્ડ) ચાહતી હતી
Cape (કેઇપ) ઝભ્ભો
Back (બેક) પાછળ
Hood (હુડ) બોચસો
Hung (હંગ) લટકતો
Really (રીઅલી) ખરૂં જોતાં
Cloak (ક્લૉક) ઝભ્ભો
Kind (કાઇન્ડ) માયાળુ
Bright (બ્રાઇટ) બુદ્ધિશાળી
Jelly (જેલી) મુરબ્બો
Set out (સેટ આઉટ) નીકળી
The wood (વુડ) જંગલ [પડી
Forest (ફોરેસ્ટ) જંગલ
Suddenly (સડન્લી) એકાએક
Gruff (ગ્રફ) ખોખરો
Voice (વોઇસ) અવાજ
Wolf (વુલ્ફ) વરૂ

Wood men (વુડ મેન) કઠિઆરા
To be at work (ટુ બી એટ વર્ક)
કામે લાગવું. [પીઠ ફેરવી
Turned round (ટર્ન્ડ રાઉન્ડ)
Close by (ક્લોઝ બાઇ) નજીકમાં
Show (શો) બતાવવુ
Path (પાથ) રસ્તો
Way (વે) રસ્તે
Answer (એન્સર) જવાબ આપવો
Sorry (સોરી) દીલગીર
Bridge (બ્રીજ) પુલ
Across (એક્રોસ) સામે પાર
Politely (પોલાઇટલી) વિવેકથી
Trotted away (ટ્રોટેડ અવે)
ઠેકડાં મારતું ચાલ્યું ગયું
Among (એમન્ગ) માં
Soon (સુન) જલ્દી; તરત
Lost sight (લોસ્ટ સાઇટ)
દેખાતું બંધ થયું
Narrow (નેરો) સાંકડો
Led (લેડ) દોરી લઈ જતો હતો
Far (ફાર) દૂર
Knocked (નૉક્ડ) ખખડાવ્યું.
Get up (ગેટ અપ) ઉઠવું.

Call out (કૉલ આઉટ) બૂમ પાડવી
Possible (પોસીબલ) બની
Pull (પુલ) ખેંચવું [શકે તેટલું
Soft (સોફ્ટ) નરમાશભર્યો
String (સ્ટ્રીંગ) દોરી
Fasten (ફાસ્ટન) બાંધવું
Latch (લેચ) આગળો
Wicked (વીકેડ) દુષ્ટ

Rushed (રશ્ડ) ધસી ગયું
Sprang (સ્પ્રેંગ) કુદ્યું Spring
નો ભૂત કાળ [નો ભૂત કાળ
Ate (એઇટ) ખાઇ ગયું Eat
Dress (ડ્રેસ) કપડાં પહેરવા.
To get into (ટુ ગેટ ઇન્ટુ)
Sheets (શીટસ) ચાદર [પ્રવેશવું
Chin (ચીન) હડપચી

એક વખત નાની લાલ રાઇડીંગ હુડ નામે એક નાની છોકરી રહેતી હતી. ઇંગ્લાંડના એક સુંદર ગામડામાં તે પોતાની મા સાથે રહેતી હતી. આશરે એકાદ માઇલ દૂર એક એકાંત ઝુંપડામાં તેની દાદી રહેતી હતી.

આ ઘરડી બાઇ નાની લાલ રાઇડીંગ હુડને ઘણાજ વહાલથી ચાહતી હતી. તેણે તે બાળાને પહેરવા સારૂ એક મોટો લાલ ઝભ્ભો બનાવ્યો હતો. તેના પાછલા ભાગમાં એક રાતો બોચલો નીચો લટકતો હતો. તે નાની છોકરી પોતાના માથાની ઉપર આ બોચલો પહેરી (ખેંચી) શકતી.

આ રાતો ઝભ્ભો અને બોચલો ખરૂં જોતાં સ્વારી કરતી વખતે (ફરવા જતી વખતે) પહેરવાનો ઝભ્ભો હતો. તે ઉપરથી નાની લાલ 'રાઇડીંગ હુડ' એવું તેનું નામ પાડવામાં આવ્યું હતું.

તે એટલી બધી ભલી, બુદ્ધિશાળી અને માયાળુ હતી કે દરેક જણ તેને ચાહતું. એક દિવસ તેની માએ તેને કહ્યું, "તું તારી દાદી પાસે જાય અને તેમને મળે એમ હું (ઇચ્છું છું) તારી પાસે માગુ છું. તેણી માંદી છે અને હું તેણીને થોડાક મુરબ્બો મોકલવા ઇચ્છું છું.

તેથી જંગલની સામી બાજુએ (આવેલાં) દાદીમાના ઘર તરફ જવા નાની લાલ રાઇડીંગ હુડ નીકળી પડી.

જ્યારે તે જંગલમાં થઈને ચાલતી હતી ત્યારે તેણે એકાએક એક ખોખરો અવાજ તેને સવારની સલામ કહેતો હોય એમ સાંભળ્યો. તેણીએ પીઠ ફેરવી (પાછી ફરી) અને એક વરૂને દીઠું.

તે (વરૂ) તેને એકદમ ખાઈ ગયું નહિ કેમકે કેટલાક કઠિયારા નજીકમાં જ કામે લાગ્યા હતા. તે બોલ્યું, "મારી સાથે આવ અને હું તને થોડાંક સુંદર ફુલ બતાવું."

નાની લાલ રાઇડીંગ હુડે જવાબ દીધો, "મારી માએ રસ્તો છોડીને જવાની ના કહી છે. મારે મારા રસ્તે ઉતાવળથી જવું જોઇએ."

વરૂએ પૃછ્યું, "તું કયાં જાય છે?"

તેણીએ જવાબ દીધો, "મારી દાદી માંદી છે અને હું તેને માટે થોડોક મુરબ્બો લઈ જાઉં છું."

વરૂએ કહ્યું, "તારી દાદી કયાં રહે છે? તેણી માંદી છે તે સાંભળીને હું બહુ દીલગીર છું. મારે તેની પાસે જઇને તેને મળવું જોઇએ."

તે બાળકીએ કહ્યું, "તેણી જંગલની સામી બાજુએ રહે છે. અને જો તમે પુલ ઉપર થઇને ખેતરની સામે પાર રસ્તાની નીચે થઇને સીધા જશો તો તમને તેનું ઘર (પોતાની મેળે ઉભેલું) ઘણી સહેલાઇથી માલમ પડશે." વરૂએ વિવેકથી કહ્યું, "હું તારો ઉપકાર માનું છું. હું અંદર જઈશ અને થોડીવારમાં તેની મુલાકાત લઈશ. નમસ્તે!"

તે ઠેકડા મારતું ચાલ્યું ગયું અને નાની લાલ રાઇડીંગ હુડે તેને તરતજ ઝાડોમાં અદ્રશ્ય થતું જોયું. જ્યારે તેણી તેને વધુ વખત જોઇ શકી નહિ ત્યારે તે વરૂ સાંકડા રસ્તાની નીચે વળ્યું. લાલ રાઇડીંગ હુડ જે રસ્તેથી જતી હતી તેના કરતાં આ રસ્તો જંગલની આથેની બાજુએ ઘણી વધારે ઝડપથી દોરી લઇ જતો હતો. તેનાથી જેટલી ઝડપથી દોડી શકાયું તેટલું તે દોડયું અને થોડી વારમાં તે ઝુંપડાના બારણા આગળ આવી પહોંચ્યું. તેણે મોટેથી બારણું ખખડાવ્યું.

તે ઘરડી બાઇ પથારીમાં હતી અને બારણાં આગળ કોણ છે તે જોવાને ઉઠી શકે તેમ ન્હોતી, તેથી તે બૂમ પાડી ઉઠી, "ત્યાં કોણ છે?"

પોતાનાથી બની શકે તેટલો નરમાશભર્યો સાદ કાઢીને વરૂએ કહ્યું, "એ તો હું નાની લાલ રાઇડીંગ હુડ છું. હું તમારે માટે થોડાક મુરબ્બા લઇ આવી છું. હું અંદર આવું અને તમારી તબિયત કેમ છે તે જોઉં?"

તે ઘરડી બાઈએ જવાબ દીધો, "મારી વહાલી દીકરી, અંદર આવ. બારણાના આગળાને બાંધેલી છે તે દોરી ખેંચ અને પછી ધક્કો મારીને બારણું ખોલ અને અંદર ચાલી આવ."

તેણીએ જેમ કહ્યું તેમ તે દુષ્ટ વરૂએ કર્યું અને જેવું બારણું ઉઘડ્યું કે તરતજ તે અંદર ધસી ગયું અને તે ગરીબ ઘરડી દાદીમાની ઉપર કૂદી પડ્યું અને તેને ખાઇ ગયું. પછી તેણે બારણું બંધ કર્યું અને તે ઘરડી બાઇની ટોપી પહેરી લીધી; તેની પથારીમાં સૂઇ ગયું અને પોતાની હડપચી સુધી ચાદર ઓઢી લીધી.

Composition.

1 Little Red Riding Hood lived in a pretty village in England.

2 Her grandmother had been ill and she dwelt in a lonely cottage.

3 She made a big red cape for the little girl to wear.

4 She was a good bright and kind girl.

5 One day her mother asked her to take her grandmother some jelly.

6 She met a wolf in the forest.

7 The wolf did not eat her * then and there because some wood men were at work close by.

8 The wolf asked her to go with (to accompany) him, for he wanted to show her some flowers.

9 She told him, "My mother told me not to leave the path, and so I must hurry on my way."

10 The wolf said, "Where are you going?"

11 He then asked her where her grand mother was living and went there.

12 He knocked loudly when he got to the cottage.

13 Little Red Riding Hood was a little girl. She lived with her mother in a pretty little village in England. She was good and bright and kind and everyone loved her. One day her mother asked her to take some jelly to her grand mother. She met a wolf on the way while going to her grand mother's cottage.



* થેન એન્ડ થેર = ત્યાં ને ત્યાં તરત જ.

Lesson 39 પાઠ ૩૯ (Part II)

Little Red Riding Hood નાની લાલ રાઈડીંગ હુડ

While (વ્હૉઈલ) જ્યારે
Carry out (કેરી આઉટ) પાર પાડવું, અમલમાં મુકવું
Trust (ટ્રસ્ટ) ભરોસો રાખવો
A few (એ ફયુ) થોડી
Better (બેટર) વધારે સારૂ
Warn (વોર્ન) ચેતવણી આપવી
Reached (રીચ્ડ) પહોંચી
Tapped (ટેપ્ડ) ટકોરા કર્યા
Bad cold (બેડ કોલ્ડ) સખ્ત શરદી
Dark (ડાર્ક) અંધારા
Arms (આર્મ્સ) હાથો
Basket (બાસ્કેટ) ટોપલી
Take of (ટેઇક ઑફ) કાઢી નાખવું
Seem (સીમ) લાગવું
The same (સેઇમ)ની માફક
As usual (એઝ યુઝવલ) હંમેશ મુજબ
Had drown up (હેડ ડ્રોન અપ) ઓઢી લીધી હતી

Hug (હગ) હેતથી ભેટવું
Feel afraid (ફીલ અફ્રેડ) બ્હીવા લાગવું
Move back (મુવ બેક) પાછા હઠવું
Growl (ગ્રાઉલ) ઘુરકવું
Got caught (ગોટ કોટ) સપડાઈ ગયું
Get free (ગેટ ફ્રી) છુટું થવું
Follow (ફોલો) ની પાછળ આવવું
Scream (સ્ક્રીમ) ચીસ
Raising (રેઇઝીંગ) ઉંચકીને
Axe (એક્સ) કુહાડી
Strength (સ્ટ્રેન્થ) બળ
To pick up (પીક અપ) ઉપાડી લેવું
Dried (ડ્રાઇડ) લૂંછ્યા
Tears (ટીઅર્સ) આંસુ
Dead (ડેડ) મરણ પામેલું
Safe (સેઇફ) સહીસલામત
Thankful (થેન્કફુલ) આભારી

જ્યારે તે વરૂ પોતાની દુષ્ટ તરકીબ પાર પાડી રહ્યું હતું, ત્યારે નાની લાલ રાઇડીંગ હુડ જંગલમાં થઈને પોતાને રસ્તે પસાર થતી હતી. કઠિઆરા જેઓ કામે લાગ્યા હતા, તેમણે તેને તે ક્યાં જાય છે તે પૂછ્યું. તેની દાદી માંદી છે, તે સાંભળીને તેઓ દિલગીર થયા.

તેમણે પૂછ્યું, "તેં વરૂને વાત કરી?" કારણ કે તેમણે તેણીને તેની સાથે વાત કરતી જોઇ હતી.

તેણીએ જવાબ દીધો, "હા; તેણે કહ્યું કે તે જઇને તેને મળશે."

નાની લાલ રાઇડીંગ હુડ પોતાને રસ્તે ચાલતી થઈ ગયા બાદ થોડીક મિનિટ પછી તે માણસોમાંના એકે કહ્યું, "વરૂ સાહેબનો મને ભરોસો નથી. હું ધારૂં છું કે હું એની ઝુંપડીએ જાઉં અને જોઉં કે ઘરડી બાઇને હવે વધુ ઠીક છે કે કેમ. વરૂ જ્યારે તેને બોલાવે ત્યારે તેને જવાબ નહિ દેવાની મારે તેને ચેતવણી આપવી જોઇએ. એ શી તરકીબ રચતો હશે તે તમે કદી નહિ જાણો."

જ્યારે નાની લાલ રાઇડીંગ હુડ પોતાની દાદીને ઘેર પહોંચી, ત્યારે તેણે દરવાજા ઉપર ટકોરા કર્યા.

"ત્યાં કોણ છે?" તેણે એક ખોખરો અવાજ બોલતો સાંભળ્યો.

તેણે પોતાના મનમાં વિચાર્યું, "દાદીને સખ્ત શરદી થએલી હોવી જોઇએ." તેણીએ જવાબ દીધો, "એ તો હું નાની લાલ રાઇડીંગ હુડ. હું અંદર આવું?"

વરૂએ જવાબ દીધો, "બારણાના આગળાને બાંધેલી દોરી ખેંચ, અને પછી ધક્કો મારીને બારણું ખોલ અને અંદર ચાલી આવ."

તે નાની છોકરીને જેમ કહેવામાં આવ્યું તેમ તેણે કર્યું, અને તે અંધારા ઝુંપડામાં દાખલ થઈ ચાલીને અંદર આવી.

તે વરૂએ ઉંચે સુધી ચાદર ઓઢી લીધી હતી અને તેણી ફક્ત પોતાની દાદીના હાથના કાંડાં અને તેમની ઉંચે ટોપી જોઈ શકી. તેણીએ પોતાની ટોપલી ટેબલ ઉપર મુકી દીધી અને પોતાનો બોચલો (કાઠી) ઉતારી નાખ્યો, અને ત્યારબાદ પોતાની દાદીની પાસે વાત

કરવાને ગઈ. તેણીને લાગ્યું કે એ (દાદી) હંમેશના જેવાં બરાબર દેખાતાં નથી.

તેણીએ કહ્યું, "કેમ, દાદીમા, તમને કેવા લાંબા હાથ છે!"

વરૂએ કહ્યું, "મારી વહાલી દીકરી, તને વહાલથી ભેટવાને વધારે સરળ થઈ પડશે."

તે નાની છોકરીએ કહ્યું, "પણ તમને કેટલા બધા લાંબા કાન છે, દાદીમા?"

વરૂએ કહ્યું, "મારી વહાલી દીકરી, તને સાંભળવામાં વધારે ઠીક થઈ પડશે."

લાલ રાઇડીંગ હુડ જેને બ્હીક લાગવા માંડી હતી. તેણે કહ્યું, "પણ દાદીમા, તમને કેવી મોટી આંખો છે?"

તે વરૂએ કહ્યું, "મારી વહાલી દીકરી, તને જોવાને વધારે સારી થઈ પડશે."

ખાટલા આગળથી પાછી હઠીને તે નાની છોકરી બૂમ પાડી ઉઠી, "પણ તમને કેવા મોટા દાંત છે, દાદીમા?"

ખાટલામાંથી ઉછળીને બહાર આવવાની કોશીશ કરતાં વરૂએ ઘુરકીને કહ્યું, "તને ખાઇ જવાને વધારે સારા થઈ પડશે, મારી વહાલી દીકરી."

પણ તે ચાદરમાં જ (સપડાઈ) પકડાઈ ગયું. તે છૂટું થઇ શકે તે પહેલાં કઠિયારો અંદર ધસી આવ્યો. તે નાની લાલ રાઇડીંગ હુડની પાછળ પાછળ ઝુંપડીએ આવ્યો હતો અને તેણીની ચીસ સાંભળી હતી. પોતાની કુહાડી ઉંચકીને પોતાના સઘળા બળથી તેણે તે વરૂના માથા ઉપર ફટકારી. (નીચે ઉતારી—ઘા કર્યો)

તે નાની છોકરીને પોતાના હાથમાં ઉપાડી લઇને તેણે તેણીનાં આંસુ લૂછયાં (સુકવ્યાં). તેણે કહ્યું, "તે બદમાશ વરૂ મરી ગયું છે. રડતી નહિ, હવે તું તદ્દન સહીસલામત છે.

વરૂ વડે મારી નંખાતી નાની લાલ રાઈડીંગ હુડને પોતે ઉગારી હતી તે બદલ તે ઘણો આભારી થયો.

Composition.

1 The woodmen asked Red Riding Hood, " Where are you going ? "

2 One of them said to the others, " I do not trust Master Wolf I will go and see the old lady and warn her not to answer the wolf when he calls to see her. "

3 When the girl reached the cottage she heard a gruff voice say, " Who is there ? "

4 She thought her grandmother must have a bad cold.

5 She said, " Why, grandmother, what long arms you have ! "

6 " All the better to hug you, my dear, " was the reply.

7 She said, " What long years you have grandmother, " about long ears.

8 " All the better to hear you, my dear, " was the reply.

9 She said, " What big eyes you have " about big eyes.

10 " All the better to see you, " was the reply.

11 She said, " What big teath you have, grandmother, " about teeth.

12 " All the better to eat you up, " was the reply.

13 The wolf tried to spring out of his bed to kill her, but he got caught in the sheets, and the woodman rushed in and killed him suddenly with his axe.

Story in brief.

Little Red Riding Hood was a little girl. She lived with her mother in a pretty village in England. One day her mother asked her to take some jelly to her grand mother who was ill. The grand mother lived in a lonely cottage on the other side of the wood. Riding Hood met a wolf on the road, who asked her where she was going. He came to know from the little girl, where her grand mother's cottage was. He then went to the old lady's cottage and knocked at the door, and said it was Riding Hood with some jelly for her. The wolf pulled the string fastening the latch of the door as told by the the old lady. He then rushed in and sprang upon the old lady and ate her up. Then he shut the door and dressed himself in the old lady's cap and lay on the bed pulling the sheets up to his chin. Riding Hood met woodmen while coming to the cottage. They asked her where she was going and she told the whole thing. They asked her if she had told the wolf anything about it. She

said, 'Yes,' and the wolf liked to go and see the old lady. One of the woodmen followed the little girl for the suspected treachery. Red Riding Hood knocked at the door of her grand mother's cottage. The wolf of course asked her to pull the string of the door to get in. When the little girl got into the cottage, she was much astonished at her grand mother's long arms, ears, eyes and big teeth. The wolf tried to spring upon the little girl but was caught in the sheets and killed by the woodman who had just come up there to save the the girl. He was glad that he could save the girl from being killed by the wolf.



Lesson 40 પાઠ ૪૦. (Part I)

Cinderella સીન્ડરેલા

Happier (હેપીઅર) વધારે સુખી
Merry (મેરી) પરણવું
Widow (વીડો) વિધવા
Ugly (અગલી) કદરૂપી
